# સંવેદનશીલ સરકારના નિર્ણાયક પગલાં

( કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજનાઓનો માહિતી સંપૂટ )







પારદર્શક સરકાર | સંવેદનશીલ સરકાર | નિર્ણાયક સરકાર | પ્રગતિશીલ સરકાર

# અનુક્રમણિકા


| ક્રમ. | યોજનાનું નામ | પાના. નં. |
|---|---|---|
| ૧ | પ્રધાનમંત્રી જન–ધન યોજના | ૧ |
| ૨ | પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના | ૨ |
| ૩ | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના | ૩ |
| ૪ | અટલ પેન્શન યોજના | ૪ |
| ૫ | સુકન્યા સમૃધ્ધિ યોજના | ૬ |
| ૬ | પ્રધાનમંત્રી મુદ્રા યોજના | ૭ |
| ૭ | આમ આદમી બીમા યોજના | ૮ |
| ૮ | સુરક્ષા બંધન યોજના | ૯ |
| ૯ | પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) | ૧૦ |
| ૧૦ | પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (PMKSY) | ૧૨ |
| ૧૧ | ‘‘બેટી વધાવો’’ અભિયાન | ૧૪ |
| ૧૨ | સર્વ શિક્ષા અભિયાન | ૧૫ |
| ૧૩ | મુખ્યમંત્રી અમૃતમ “મા” યોજના અને “મા વાત્સલ્ય” યોજના | ૧૭ |
| | **અન્ય યોજનાઓ** | |
| ૧૪ | મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના | ૧૮ |
| ૧૫ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના | ૧૯ |
| ૧૬ | વૃદ્ધ પેન્શન | ૨૧ |
| ૧૭ | વૃદ્ધ પેન્શન યોજના (રાજ્ય સરકાર) (નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના) | ૨૨ |
| ૧૮ | વિકલાંગ પેન્શન યોજના | ૨૩ |
| ૧૯ | વિકલાંગ પેન્શન યોજના | ૨૪ |
| ૨૦ | પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના | ૨૫ |
| ૨૧ | લોકવ્યવસ્થાપિત ગ્રામ્ય પેયજળ કાર્યક્રમ (રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ) | ૨૬ |
| ૨૨ | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના | ૨૭ |
| ૨૩ | સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ ) | ૨૮ |

| ક્રમ. | યોજનાનું નામ | પાના. નં. |
|---|---|---|
| ૨૪ | વિદ્યા સાધના યોજના | ૩૦ |
| ૨૫ | પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૩૧ |
| ૨૬ | અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ઉત્તમકક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ‘‘ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર’’ યોજના | ૩૨ |
| ૨૭ | ધોરણ ૧૧–૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને ગુજકેટ અને જેઈઈની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ ફી આપવાની યોજના | ૩૩ |
| ૨૮ | વોકેશનલ તાલીમ કેન્દ્ર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી મોડ) | ૩૪ |
| ૨૯ | સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ (IDDP) | ૩૫ |
| ૩૦ | વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા(વર્ટીકલ ક્રોપીંગ સીસ્ટમ)માટે સાધન સહાય યોજના | ૩૬ |
| ૩૧ | કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ યોજના | ૩૭ |
| ૩૨ | માનવ ગરિમા યોજના | ૩૮ |
| ૩૩ | અનુ.જનજાતિની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરુ યોજના | ૩૯ |
| ૩૪ | પુરક પોષણ યોજના (દૂધ સંજીવની) | ૪૦ |
| ૩૫ | એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળા યોજના | ૪૧ |
| ૩૬ | અલ્પ સાક્ષરતા કન્યા નિવાસી શાળા યોજના | ૪૨ |
| ૩૭ | મોડેલ શાળા યોજના | ૪૩ |
| ૩૮ | વ્યક્તિગત ધોરણે આવાસ માટે નાણાંકિય સહાય | ૪૪ |
| ૩૯ | અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન | ૪૫ |

# ૧ પ્રધાનમંત્રી જન–ધન યોજના

❒ **હેતુ:** બેંક ખાતાની સાથે જ લોકોને નાણાકીય સવલતો જેવી કે ડેબિટકાર્ડ, બેંકિંગ સર્વિસ, થાપણ, નાણાની લેવડ–દેવડ, વીમો, પેન્શન વગેરે પૂરી પાડવાનો છે. ઉપરાંત પ્રધાનમંત્રી જન–ધન યોજના રાષ્ટ્રીય નાણાકીય સમાવેશનું મિશન છે.

❒ **યોગ્યતા:** ૧૦ વર્ષથી વધુ વય ધરાવતી કોઇ પણ વ્યક્તિ આ યોજના હેઠળ બેંકમાં ખાતું ખોલાવી શકે છે.

❒ **ફાયદાઓ:** આ યોજના સાથે સંકળાયેલ લાભો નીચે મુજબ છે:

૧) જમા રાશિ ઉપર વ્યાજ

૨) એક લાખ રૂપિયાનું દુર્ઘટના વીમા કવચ

૩) કોઇ ન્યુનતમ બેલેન્સની જરૂર નથી, તેમ છતાંય, રૂપે કાર્ડની મદદથી રકમ ઉપાડવા માટે થોડી રકમ જમા રાખવામાં આવે એ હિતાવહ છે.

૪) રૂ.૩૦,૦૦૦ નું જીવન વીમા કવચ.

૫) ભારત ભરમાં સહેલાઇથી રકમ ટ્રાન્સફર થઇ શકશે.

૬) સરકારી યોજનાના લાભાર્થીઓને તેમના આ ખાતામાં સીધા લાભો જમા કરવામાં આવશે.

૭) ૬ મહિના સુધી ખાતામાં સંતોષજનક લેવડ–દેવડ પછી ઓવરડ્રાફ્ટની સુવિધા આપવામાં આવશે.

૮) પેન્શન તથા વીમાની સુવિધા મળી શકશે.

❒ **કાર્યપધ્ધતિ:**

પ્રધાનમંત્રી જન–ધન યોજનામાં ખાતું ખોલાવવા માટે નીચે મુજબનાં દસ્તાવેજ જરૂરી છે.

૧) આધારકાર્ડ હોય, તો બીજા કોઇ દસ્તાવેજની જરૂર નથી.

૨) સરનામું બદલાઇ ગયું હોય, તો હાલના સરનામાનું પ્રમાણપત્ર જરૂરી છે.

૩) જો આધારકાર્ડ ન હોય, તો નીચે જણાવેલ સરકારી દસ્તાવેજ પૈકી કોઇપણ એક જરૂરી છે.

અ) મતદાર ઓળખપત્ર
બ) ડ્રાયવિંગ લાયસન્સ
ક) પાન કાર્ડ
ડ) પાસપોર્ટ
ઇ) નરેગા કાર્ડ

**નોંધ: આ દસ્તાવેજોમાં જો અરજદારનું સરનામું હોય, તો આ ઓળખાણ તેમજ સરનામાના પુરાવા તરીકે કાર્ય કરશે.**

૪) જો કોઇપણ વ્યક્તિ પાસે ઉપર જણાવેલ દસ્તાવેજ ન હોય તો બેંક દ્વારા ઓછા જોખમ વાળા વર્ગ માટે ગેઝેટેડ અધિકારી દ્વારા જારી કરેલ પત્ર જેમાં વ્યક્તિનો ફોટો પણ પ્રમાણિત કરેલ હોય તેવા કોઇપણ દસ્તાવેજથી ખાતું ખોલાવી શકે છે.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** રાષ્ટ્રીયકૃત અને જાહેર ક્ષેત્રની બેંકોની શાખાઓ, સહકારી બેંકોની શાખાઓ, બેંક મિત્ર, વ્યવસાય પ્રતિનિધિ વગેરે મારફત આ યોજનાનો અમલ કરવામાં આવશે.

## ૨ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના

- ❒ **હેતુ:** આકસ્મિક મૃત્યુ અને સંપૂર્ણ વિકલાંગતાના કિસ્સામાં રૂ. ૨ લાખનું વીમા રક્ષણ.
- ❒ **યોગ્યતા:** બધા જ બચત ખાતેદાર કે જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ હોય તેવા લોકો આ યોજનામાં જોડાઇ શકેશે. વાર્ષિક પ્રિમિયમ વ્યક્તિ દીઠ રૂ.૧૨ રહેશે. ખાતાધારકના સંબંધિત બેંક એકાઉન્ટમાંથી પ્રિમિયમની રકમ "ઓટો ડેબિટ" થશે.
- ❒ **ફાયદાઓ:** આ યોજનામાં લાભ નીચે મુજબ છે.

| ક્રમ | લાભનો પ્રકાર | વીમા રાશી |
|---|---|---|
| ૧. | આકસ્મિક મૃત્યુ | રૂ. ૨ લાખ સુધી |
| ૨. | અકસ્માતમાં સંપૂર્ણ અને કાયમી, બંને આંખોની દ્રષ્ટિ ગુમાવવી અથવા અકસ્માતમાં બંને પગ અથવા બંને હાથ ગુમાવવા અથવા એક આંખની દ્રષ્ટિ ગુમાવવી અને એક પગ અથવા એક હાથ ગુમાવવો. | રૂ. ૨ લાખ સુધી |
| ૩. | એક આંખની નજર ગુમાવ્યેથી અથવા એક હાથ કે પગ બિન ઉપયોગી થયે | રૂ. ૧ લાખ સુધી |

- ❒ **કાર્યપધ્ધતિ:**
  - અકસ્માત બાદ દાવો મૃત્યુના ૩૦ દિવસોની અંદર નિર્ધારિત દાવા ફોર્મમાં નીચે દર્શાવેલ પ્રમાણપત્રો / પુરાવાઓ સાથે વીમાધારકનું બેંક ખાતું જે બેંક શાખામાં હોય ત્યાં રજૂ કરવાનો રહેશે.
  - વીમા ધારકના મૃત્યુના કિસ્સામાં પોસ્ટમોર્ટમ રીપોર્ટ અને મૃત્યુનું પ્રમાણપત્ર
- ❒ **અમલીકરણ એજન્સી:** જાહેરક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ અને અન્ય વીમા કંપનીઓ દ્વારા બેંક મારફતે યોજનાનું અમલીકરણ કરવામાં આવશે.

## ૩ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના

❒ **હેતુ:** આર્થિક સુરક્ષાના અભાવ હેઠળ જીવન જીવતા મહત્તમ લોકોની સુરક્ષા માટે ખાસ પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અમલમાં મુકવામાં આવેલ છે, જેની લાક્ષણિકતા નીચે મુજબ છે.

અ) આ યોજના એક વર્ષના જીવનવીમાની યોજના છે. જે દર વર્ષે રીન્યુ કરાવી શકાય છે.

બ) આ યોજનાનો ઉદ્દેશ્ય એ એક પ્રકારની જીવન વીમા પોલીસી છે. જેમાં વીમા ધારકના કોઈપણ કારણસર થયેલા મૃત્યુ સામે તેના વારસદાર/પરિવારજનોને રૂપિયા બે લાખ ચૂકવવામાં આવશે. આ માટે દરેક ઉપભોક્તાએ રૂ.૩૩૦/- જેટલું પ્રિમિયમ ભરવાનું રહેશે.

❒ **યોગ્યતા:** બેંકમાં ખાતુ ધરાવતી હોય એવી ૧૮ થી ૫૦ વર્ષની વ્યક્તિ લાભ લઈ શકે છે. ૫૫ વર્ષ પૂર્ણ કર્યા પહેલાં યોજનામાં જોડાયેલ લોકોને વાર્ષિક પ્રિમિયમ ભરવાના કારણે ૫૫ વર્ષની ઉંમર સુધી વીમા રક્ષણ મળશે.

❒ **ફાયદા:** સભ્યનું કોઈ પણ કારણસર મૃત્યુ થાય તો રૂ. ૨ લાખ ચૂકવવા પાત્ર રકમ થશે.

❒ **કાર્યપદ્ધતિ:** ઉક્ત યોજના નીચે રક્ષણ એક વર્ષના સમયગાળા માટે ૧લી જુન થી ૩૧મી મે માટે ગ્રાહકોએ નોંધણી તેમજ એમના બચત ખાતામાંથી આપોઆપ કપાત માટે સંમતિ દર વર્ષે ૩૧મી મે સુધીમાં જરૂરી ફૉર્મમાં આપવાની રહેશે, જે પહેલા વર્ષને લાગુ પડશે નહી. નિયત સમય પછી નોંધણી જરૂરી વાર્ષિક પ્રિમિયમ તેમજ સારા આરોગ્ય અંગેનું સ્વ પ્રમાણિત પ્રમાણપત્ર આપી યોજના નીચે રક્ષણ મેળવવું શક્ય રહેશે.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** જાહેર ક્ષેત્રની LIC અને અન્ય વીમા કંપનીઓ દ્વારા બેંક મારફતે યોજના અમલમાં મૂકાશે.

# ૪ અટલ પેન્શન યોજના

❒ **હેતુઓ:** અટલ પેન્શન યોજનાએ ભારતના નાગરિકો માટે ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના કામદારો પર ધ્યાન કેન્દ્રિત કરતી યોજના છે.

❒ **યોગ્યતા/પાત્રતા:** ભારતનો કોઇ પણ નાગરિક અટલ પેન્શન યોજનામાં જોડાઇ શકે છે, જેની યોગ્યતા માટેના માપદંડ નીચે મુજબ છે:

૧) અરજદારની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષની વચ્ચે હોવી જોઇએ.

૨) તેમનું બેંકમાં બચત ખાતું હોવુ જોઇએ/ખોલાવવું જોઇએ.

**નોંધ:** **સંભવિત અરજદાર રજીસ્ટ્રેશન સમયે બેંકને આધાર અને મોબાઇલ નંબર આપી શકે છે. જેનાથી અરજદારને અટલ પેન્શન યોજના ખાતાની નિયતકાલિક માહિતી મેળવી શકે છે. જો કે, આધાર નોંધણી માટે ફરજિયાત નથી.**

❒ **ફાયદાઓ:** પેન્શન લોકોને તેમના નિવૃત્તિકાળમાં માસિક આવક પૂરી પાડે છે. પેન્શનની જરૂરિયાત:

૧) ઉંમર વધવાની સાથે આવક કમાવાની ક્ષમતામાં ઘટાડો.

૨) નવા વિભક્ત પરિવાર બનતા–આવક ધરાવતા સભ્યોનું સ્થળાંતર.

૩) ૬૦ વર્ષની વય બાદ રૂ.૧૦૦૦ થી ૫૦૦૦ સુધી માસિક પેન્શન મેળવી શકાય છે. આ માટે લાભાર્થીએ રૂ.૪૨/– થી ૧૪૫૪/– સુધી ઉંમર આધારિત છ માસિક , ત્રિમાસિક કે માસિક ફાળો ભરવાનો રહે છે.

❒ **કાર્યપદ્ધતિ:**

૧) જે બેંકમાં બચત ખાતું ધરાવતા હોય તે બેંક શાખાનો સંપર્ક કરવો અથવા જો અરજદારનું ખાતું ન હોય તો બચત ખાતું ખોલાવવું.

૨) બેંક ખાતા નંબર આપી બેંકના કર્મચારીની મદદથી અટલ પેન્શન યોજનાનું નોંધણી ફૉર્મ ભરવું.

૩) આધાર અથવા મોબાઇલ નંબર આપવો ફરજિયાત નથી, પરંતુ ફાળા સંબંધિત સંદેશા વ્યવહાર સુગમ બનાવવા તે જરૂરી છે.

૪) માસિક/ત્રિમાસિક/છ માસિક ફાળાના ટ્રાન્સફર માટે બેંક બચત ખાતામાં જરૂરી રકમ જમા હોય તેની ખાતરી રાખવી.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી કરશે.

| અટલ પેન્શન યોજના –યોગદાન ચાર્ટ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **દાખલ ઉંમર** | **યોગદાન ના વર્ષો** | **માસિક પેન્શન ૧૦૦૦/–** | **માસિક પેન્શન ૨૦૦૦/–** | **માસિક પેન્શન ૩૦૦૦/–** | **માસિક પેન્શન ૪૦૦૦/–** | **માસિક પેન્શન ૫૦૦૦/–** |
| ૧૮ | ૪૨ | ૪૨ | ૮૪ | ૧૨૬ | ૧૬૮ | ૨૧૦ |
| ૧૯ | ૪૧ | ૪૬ | ૯૨ | ૧૩૮ | ૧૮૩ | ૨૨૮ |
| ૨૦ | ૪૦ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ | ૧૯૮ | ૨૪૮ |
| ૨૧ | ૩૯ | ૫૪ | ૧૦૮ | ૧૬૨ | ૨૧૫ | ૨૬૯ |
| ૨૨ | ૩૮ | ૫૯ | ૧૧૭ | ૧૭૭ | ૨૩૪ | ૨૯૨ |
| ૨૩ | ૩૭ | ૬૪ | ૧૨૭ | ૧૯૨ | ૨૫૪ | ૩૧૮ |
| ૨૪ | ૩૬ | ૭૦ | ૧૩૯ | ૨૦૮ | ૨૭૭ | ૩૪૬ |
| ૨૫ | ૩૫ | ૭૬ | ૧૫૧ | ૨૨૬ | ૩૦૧ | ૩૭૬ |
| ૨૬ | ૩૪ | ૮૨ | ૧૬૪ | ૨૪૬ | ૩૨૭ | ૪૦૯ |
| ૨૭ | ૩૩ | ૯૦ | ૧૭૮ | ૨૬૮ | ૩૫૬ | ૪૪૬ |
| ૨૮ | ૩૨ | ૯૭ | ૧૯૪ | ૨૯૨ | ૩૮૮ | ૪૮૫ |
| ૨૯ | ૩૧ | ૧૦૬ | ૨૧૨ | ૩૧૮ | ૪૨૩ | ૫૨૯ |
| ૩૦ | ૩૦ | ૧૧૬ | ૨૩૧ | ૩૪૭ | ૪૬૨ | ૫૭૭ |
| ૩૧ | ૨૯ | ૧૨૬ | ૨૫૨ | ૩૭૯ | ૫૦૪ | ૬૩૦ |
| ૩૨ | ૨૮ | ૧૩૮ | ૨૭૬ | ૪૧૪ | ૫૫૧ | ૬૮૯ |
| ૩૩ | ૨૭ | ૧૫૧ | ૩૦૨ | ૪૫૩ | ૬૦૨ | ૭૫૨ |
| ૩૪ | ૨૬ | ૧૬૫ | ૩૩૦ | ૪૯૫ | ૬૫૯ | ૮૨૪ |
| ૩૫ | ૨૫ | ૧૮૧ | ૩૬૨ | ૫૩૪ | ૭૨૨ | ૯૦૨ |
| ૩૬ | ૨૪ | ૧૯૮ | ૩૯૬ | ૫૯૪ | ૭૯૨ | ૯૯૦ |
| ૩૭ | ૨૩ | ૨૧૮ | ૪૩૬ | ૬૫૪ | ૮૭૦ | ૧૦૮૭ |
| ૩૮ | ૨૨ | ૨૪૦ | ૪૮૦ | ૭૨૦ | ૯૫૭ | ૧૧૯૬ |
| ૩૯ | ૨૧ | ૨૬૪ | ૫૨૮ | ૭૯૨ | ૧૦૫૪ | ૧૩૧૮ |
| ૪૦ | ૨૦ | ૨૯૧ | ૫૮૨ | ૮૭૩ | ૧૧૬૪ | ૧૪૫૪ |
| **૬૦ વર્ષની પાકતી ઉંમરે** | | **૧.૭ લાખ** | **૩.૦૪ લાખ** | **૫.૧ લાખ** | **૬.૮ લાખ** | **૮.૫ લાખ** |

## ૫ સુકન્યા સમૃધ્ધિ યોજના

❒ **હેતુ:** પોસ્ટ વિભાગ દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો અંતર્ગત મહત્વાકાંક્ષી યોજનાઓનું સુદ્દઢ અમલીકરણ.

❒ **યોગ્યતા:** સ્ત્રી સંતાનનાં માતા કે પિતા અથવા કાનૂની વાલી ખાતુ ખોલાવી શકે. બાળકીનો જન્મ થાય ત્યારથી દસ વર્ષની ઉંમર સુધી(વધુમાં વધુ બે બાળકીના) લઘુત્તમ રૂ.૧૦૦૦ની રકમ સાથે ખાતુ ખોલાવી શકાય છે.

❒ **ફાયદાઓ:** આ યોજના અંતર્ગત બાળકીના લીગલ/નેચરલ ગાર્ડિયન રૂ. ૧૦૦૦ થી રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની રકમ વર્ષ દરમિયાન જમા કરાવી શકે છે. હપ્તાની સંખ્યા મર્યાદિત નથી.

- અન્ય કોઈપણ બચત યોજના કરતાં સુકન્યા સમૃધ્ધિ યોજનાનો વ્યાજ દર અધિક મળે છે.
- એક બાળકી માટે માત્ર એક જ ખાતું ખૂલી શકે છે.
- કલમ–૮૦ સી અંતર્ગત ઈન્કમટેક્ષમાંથી કર રાહતનો લાભ મેળવી શકાય છે.
- બાળકીની ઉંમર ૧૮ વર્ષની થાય ત્યારે ૫૦ ટકા સુધીની આંશિક ઉપાડની સુવિધા અને ૨૧ વર્ષની ઉંમર બાદ ખાતું બંધ કરી શકાય છે.

❒ **કાર્યપધ્ધતિ:**

૧) આ યોજનાનો લાભ લેવા નજીકની પોસ્ટ ઓફિસ કે રાષ્ટ્રીયકૃત બેંક શાખાનો સંપર્ક કરવો.

૨) કન્યાના જન્મનું પ્રમાણપત્ર રજૂ કરવું આવશ્યક છે.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** આ યોજનાનો લાભ લેવા નજીકની પોસ્ટ ઓફિસ કે રાષ્ટ્રીયકૃત બેંક શાખાનો સંપર્ક કરવો.

# ૬ પ્રધાનમંત્રી મુદ્રા યોજના

❒ **હેતુ:** બેંક અથવા નાણાકીય સંસ્થાઓ દ્વારા સુક્ષ્મ એકમોને આવક મેળવવા અને બિન કૃષિ પ્રવૃત્તિઓ માટે રૂ.૧૦ લાખ સુધીની લોન માટેની જોગવાઇ. આ યોજનાનો માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૮મી એપ્રિલ ૨૦૧૫નાં રોજ શુભારંભ કરાયો છે.

તા.૦૮/૦૪/૨૦૧૫નાં રોજ માનનીય વડાપ્રધાન દ્વારા ઉત્પાદન, સેવા, નાના વ્યવસાય અને વેપાર હેઠળ આવનાર નાની બિઝનેસ પ્રવૃત્તિઓને લોન પ્રદાન કરવા માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનું ઉદઘાટન કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લોન નીચે મુજબ ત્રણ વર્ગમાં ઉપલબ્ધ છે.

૧) શિશુ લોન–રૂ.૫૦,૦૦૦/– સુધીની લોન

૨) કિશોર લોન–રૂ.૫૦,૦૦૦/– થી રૂ.૫ લાખ સુધીની લોન

૩) તરૂણ લોન–રૂ.૫ લાખ થી રૂ.૧૦ લાખ સુધીની લોન

❒ **યોગ્યતા:** કોઇ પણ ભારતીય નાગરીક

❒ **લાભો**:

૧) જામીન સિવાય લોનની સુવિધા ઉપલબ્ધ છે.

૨) મહિલાઓ દ્વારા આયોજિત યોજનાઓને ૦.૨૫ ટકા ઓછું વ્યાજ ચૂકવવું પડશે.

૩) ઉત્પાદન, વ્યવસાય અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે લોનની સુવિધાઓ:

- વાહન વ્યવહાર પ્રવૃત્તિ માટે લોન: ઓટો રીક્ષા, નાના માલવાહક વાહનો, થ્રી વ્હીલર્સ, પેસેન્જર કાર, ટેક્ષી વગેરે ખરીદવા માટે લોન.
- સામૂહિક, સામાજિક અને વ્યક્તિગત સેવા પ્રવૃત્તિ માટે લોન: જેવી કે સલૂન, બ્યુટી પાર્લર્સ, જીમ, બ્યુટીક્સ, દરજીની દુકાન, ડ્રાય કિલનિંગ, સાયકલ અને મોટરસાયકલ રિપેરિંગ દુકાન, ઝેરોક્ષ માટેની દુકાન, દવાની દુકાન, કુરિયર એજન્ટસ સેવાઓ વગેરે માટે લોન.
- ફુડ પ્રોડક્ટસ પ્રવૃત્તિ માટે લોન: ગૃહ ઉદ્યોગો જેવા કે પાપડ, અથાણાં, જામ કે જેલી બનાવવા, ગ્રામ્ય કક્ષાએ કૃષિ ઉત્પાદનોનું સંરક્ષણ, મીઠાઇની દુકાનો, નાના ફૂડ સ્ટોલ્સ અને કેન્ટીન સેવાઓ, આઇસ અને આઇસ્ક્રીમ બનાવવાના એકમો, બિસ્કીટ, બ્રેડ બનાવવના એકમો વગેરે.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** કોઇ પણ બેંકની શાખા

## ૭ આમ આદમી બીમા યોજના

❒ **હેતુ:** આમ આદમી બીમા યોજના ગ્રામીણ જમીન વિહોણા ઘર માટે એક સામાજિક સુરક્ષા યોજના છે. આ યોજનાની શરૂઆત ૨જી ઑક્ટોબર, ૨૦૦૭ના રોજ કરવામાં આવી.

❒ **યોગ્યતા:** ૧૮ થી ૫૯ વર્ષ વચ્ચેની વય ધરાવતી વ્યક્તિ.

❒ **ફાયદાઓ:** આ યોજના હેઠળ કુટુંબની મુખ્ય વ્યક્તિ અથવા એક કમાતા સભ્યને આવરી લેવામાં આવશે.

૧) પ્રતિ વ્યક્તિ દીઠ વાર્ષિક પ્રિમિયમ રૂ.૨૦૦/– કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા એકસરખા ભાગે વહેંચવામાં આવશે. જેથી વીમા રક્ષિત વ્યક્તિએ કોઈ પ્રિમિયમ ભરવાનું રહેશે નહીં.

૨) કુદરતી મૃત્યુ પર રૂ.૩૦,૦૦૦/–

૩) અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં અથવા અકસ્માતના કારણે અપંગતાના કિસ્સામાં રૂ. ૭૫,૦૦૦/–

૪) અકસ્માતના કારણે આંશિક અપંગતાના માટે(એક આંખ અથવા એક પગ ગુમાવ્યેથી) રૂ. ૩૭,૫૦૦/–

❒ **અમલીકરણ સંસ્થાઓ:** આ ફંડ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (LIC) દ્વારા જાળવવામાં આવે છે.

## ૮ સુરક્ષા બંધન યોજના

❒ **હેતુ:** આકસ્મિક મૃત્યુ અને સંપૂર્ણ વિકલાંગતાના કિસ્સામાં રૂ. ૨ લાખનું વીમા રક્ષણ તથા આ યોજનાનો ઉદ્દેશ્ય એ એક પ્રકારની જીવન વીમા પોલીસી છે. જેમાં વીમા ધારકના કોઈપણ કારણસર થયેલા મૃત્યુ સામે તેના વારસદાર/પરિવારજનોને રૂપિયા બે લાખ ચૂકવવામાં આવશે.

❒ **યોગ્યતા:** પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના તથા  પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના માં જોડાઇ શકવાની યોગ્યતા.

❒ **ફાયદાઓ:** આ યોજના અંતર્ગત ૦૩ યોજનાઓનું જોડાણ કરવામાં આવેલ છે.

❒ **સુરક્ષા ડિપોઝીટ યોજના:**

આ યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિ PMSBY યોજનાના સતત કવરેજ માટે ફક્ત એક વખત ભેટની વ્યવસ્થા. જે માટે ફક્ત એક વાર રૂ.૨૦૧/-ની રકમ રોકડ અથવા ચેક મારફતે ચુકવવાની વ્યવસ્થા.

❒ **જીવન સુરક્ષા ડિપોઝીટ યોજના:**

આ યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિના PMSBY અને PMJJBY યોજનાના સતત કવરેજ માટે ફક્ત એક વખત ભેટની વ્યવસ્થા. જે માટે રૂ. ૫૦૦૧ ની રકમ રોકડમાં અથવા ચેક મારફત જમા કરાવવાની વ્યવસ્થા.

❒ **જીવન સુરક્ષા ગીફ્ટ ચેક:**

આ યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિના પ્રધાનમંત્રી સુરક્ષા બંધન યોજના સતત કવરેજ માટે ફક્ત એક વખત ભેટની વ્યવસ્થા. આ માટે જે વ્યક્તિ વીમા પ્રિમિયમ ગિફ્ટ આપવા ઇચ્છતું હોય તે જે તે વ્યક્તિના નામનો રૂ.૩૫૧/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા ગિફ્ટ ચેક ખરીદી શકશે.

❒ **અમલીકરણ સંસ્થાઓ:** આ યોજનાનો લાભ લેવા નજીકની કોઈપણ બેંકની શાખાનો સંપર્ક કરવો.

# ૯ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)

❒ **યોજનાનો ઉદ્દેશ**

ક) અણધાર્યા સંજોગો/ઘટનાના કારણે ખેડૂતોને પાક નુકસાનીથી જે આર્થિક નુકસાન થયું હોય તેમને આર્થિક ટેકો આપવો.

ખ) ખેડૂતોની આવક સ્થિર રાખવી જેથી તેઓ ખેતી વ્યવસાય ક્ષેત્રે ટકી રહે.

ગ) ખેડૂતોને ખેતી માટે આધુનિક અને નવીન ટેકનિક અપનાવવા પ્રોત્સાહન આપવું.

ઘ) કૃષિ ક્ષેત્રમાં ધિરાણ/નાણાંનો પ્રવાહ જાળવી રાખવો.

❒ **પાત્રતાના ધોરણો**

૨.૧ બધા ખેડૂતો જેમાં ભાગિયા/ભાગીદાર અને ગણોત ખેડૂતો જેઓ નોટીફાઈડ વિસ્તારમાં નોટીફાઈડ પાક પકવતા હોય, તેઓ આ યોજના હેઠળ આવરી લેવાને પાત્ર છે.

૨.૨ બધા ખેડૂતો જેઓ મોસમી ખેતીની કામગીરી માટે નાણાંકીય સંસ્થાઓ પાસેથી નોટીફાઈડ પાક માટે ધિરાણ મેળવતા (એટલે કે ધિરાણી ખેડૂતો) ખેડૂતોને ફરજિયાતપણે આવરી લેવાનાં રહેશે.

❒ **યોજનાના ફાયદા/સહાય**

આ યોજના હેઠળ ખેડૂતો દ્વારા ખરીફ પાક માટે બે ટકા,રવીપાક માટે ૧.૫ ટકા તેમજ વાર્ષિક વાણિજિયક અને વાર્ષિક બાગાયતી પાકો માટે પાંચ ટકા સુધીનું પ્રિમિયમ ભરવાનું થાય છે.

આ યોજના હેઠળ પાકના નીચે જણાવેલ તબક્કાઓ અને પાકને નુકસાન થાય તેવા જોખમ આવરી લેવામાં આવેલ છે .

**એ)** **વાવેતર ન થવું/રોપણી ન થવી (Prevented sowing):**ઓછા વરસાદના કારણે અથવા વિપરીત મોસમની સ્થિતિના કારણે, વીમા હેઠળના વિસ્તારમાં વાવણી અને વાવેતરને રોકાવું પડેતેવા સંજોગોમાં.

**બી)** **ઊભો પાક** (વાવણીથી લણણી સુધી): અટકાવી ન શકાય તેવા જોખમો એટલે કે દુકાળ, વરસાદ ન પડવો, પૂર, વધારે વરસાદ/જળબંબાકાર, જીવાત અને રોગો, જમીન ખસવી, કુદરતી આગ, વીજળી પડવી, વાવાઝોડું, બરફના તોફાન, ચક્રવાત અને ચક્રવાતના કારણે થતો વરસાદ તેમજ કમોસમી વરસાદ/માવઠાંના જોખમોના કારણે થતુંનુકસાન વ્યાપક રીતે આવરી લેવામાં આવે છે.

**સી)** **કાપણી પછીના નુકસાન:**કાપણી બાદના બે સપ્તાહ સુધીના સમયને આ વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

**ડી)** **સ્થાનિક આપત્તિઓ:** નોટીફાઈડ વિસ્તારમાં કરા પડવા, જમીન ખસવી અને જળ બંબાકારના કારણે સ્થાનિક વિસ્તારમાં પાકને નુકસાન.

**ઈ)** **ઓન એકાઉન્ટ પેમેન્ટની જોગવાઈ** : મુખ્ય પાકો માટે મધ્યવર્તી પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે થયેલ નુકસાન માટે ખેડૂતોને ઓન એકાઉન્ટ પેમેન્ટની જોગવાઈ

❒ **પ્રક્રિયા**

રાજય કક્ષાએ સચિવશ્રી, કૃષિના અધ્યક્ષપણા હેઠળ વીમા યોજનાની સંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે. સદર સમિતિ કેન્દ્ર સરકારશ્રીની માર્ગદર્શક સૂચના મુજબ જે તે ઋતુની શરુઆતમાં ટેન્ડર/બીડ કરી અમલકર્તા સંસ્થાઓ નક્કી કરવાનું રહેશે તેમજ યોજના હેઠળ આવરી લેવાનાર પાક, ડીફાઇન્ડ વિસ્તાર, પ્રિમિયમના દર, પ્રિમિયમમાં સબસીડી, વિમાપાત્ર રકમ વગેરે બાબતો નક્કી કરે છે અને તે મુજબ જે તે ઋતુનો ઠરાવ બહાર પાડશે.જેના આધારે જે તે નોટીફાઈડ વિસ્તારના નોટીફાઈડ પાકો માટે ખેડૂતો દ્વારા દરખાસ્ત પત્રક ઓનલાઈન રજુ કરવાનું રહેશે અને તેના આધારે યોજનાની અમલકર્તા સંસ્થા બેંકો મારફતે પ્રિમિયમ સ્વીકારશે, દાવાઓની ગણતરી કરી નિયમોનુસાર મળવાપાત્ર દાવાઓ મંજુર કરશે અને નોડલ બેંકો મારફતે ખેડૂતોના ખાતામાં પાક વિમાના દાવાની રકમ જમા કરાવશે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

ભારતીય કૃષિ વિમા કંપની(AIC) અને ભારત સરકારશ્રી દ્વારા એમ્પેનલ્ડ થયેલ અન્ય વિમા કંપનીઓ પાસેથી ટેન્ડર/બીડ મંગાવી પ્રિમિયમના દર તથા વીમા કંપનીઓ નક્કી કરવાની રહેશે અને તે સંસ્થા યોજનાની અમલીકરણ સંસ્થા તરીકે કાર્યવાહી કરશે.

❒ **અન્ય શરતો**

**પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના**(PMFBY)ની ઓપરેશનલ ગાઈડ લાઈનમાં જણાવેલ જોગવાઈઓને ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.

## ૧૦ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (PMKSY)

### ❒ યોજનાનો ઉદ્દેશ

- 'જલ સંચય' અને 'જલ સિંચન' દ્વારા વરસાદી પાણી ઉપયોગ કરીનેજળ સંરક્ષણ અને ભૂગર્ભ જળ રિચાર્જ સંવર્ધન તથા વોટરશેડ વિકાસ જેવા કામો દ્વારા જળ સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરવો.
- વરસાદ પર નોંધપાત્ર નિર્ભરતાને કારણે બીન પિયત વિસ્તારમાં ખેતી અતિ જોખમકારક અને ઓછી ઉત્પાદકતાનો વ્યવસાય બની રહેલ છે. આ સંજોગોમાં . અનુભવ સાથેરક્ષણાત્મક સિંચાઈ ટેકનોલોજી અને ઉત્પાદકતા વૃદ્ધિ તરફ દોરી જતાં ઈનપુટ્સ દ્વારા સૂક્ષ્મ સિંચાઈને લોકપ્રિય કરી વધુ ઉત્પાદકતા અને વધુ આવક દ્વારા ગ્રામીણ વિકાસ હાંસલ કરવો .

### ❒ પાત્રતાના ધોરણો

- રાજ્ય દ્વારા તમામ જિલ્લાઓના ડીસ્ટ્રીક ઈરીગેશન પ્લાન તૈયાર કરવાના રહે છે અને તે મુજબ રાજ્યનો સ્ટેટ ઈરીગેશન  પ્લાન તૈયાર કર્યેથી આ યોજના માટે યોગ્યતા/ લાયકાત સિધ્ધ થાય છે.

### ❒ યોજનાના ફાયદા/સહાય

- યોજના અંતર્ગત ‘પર ડ્રોપ મોર ક્રોપ’ માટે સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિથી કુલ પિયત વિસ્તારમાં વધારો થાય છે.
- પિયત જરૂરીયાત અને ઉપયોગીતા વચ્ચે કડી રૂપ બને છે .
- પાણી વિતરણ વ્યવસ્થા મજબુત બને છે .
- પાણી વપરાશની કાર્યક્ષમતા વધે છે .
- પાક ઉત્પાદક્તા વધે છે અને ખેતી ખર્ચ ઘટે છે.
- રોગ અને જીવાતથી થતું નુકસાન ઘટે છે.

### ❒ પ્રક્રિયા

આ યોજના હેઠળ ‘પર ડ્રોપ મોર ક્રોપ’ ઘટક માટે સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિ અંતર્ગતનો  લાભ મેળવવા માટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની , વડોદરા ને ખેતીને લગતા સાધનિક કાગળો સહિત અરજી કરવાની રહે છે.

## ❒ અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા

આ યોજના હેઠળ નીચે મુજબના ઘટકો છે.

| અનુ. | ઘટકનું નામ | અમલીકરણ કરનાર વિભાગ |
|---|---|---|
| ૧ | Accelerated Irrigation Benefit Programme (AIBP) | નર્મદા, વોટર રીસોર્સીસ અને કલ્પસર વિભાગ |
| ૨ | Har Khet Ko Pani | |
| ૩ | Per Drop More Crop | કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર |
| ૪ | Watershed Development | રૂરલ ડેવલપમેનન્ટ )CEO-GSWMA |
| ૫ | MNREGA (Water Conservation) | રૂરલ ડેવલપમેનન્ટ, એડીશનલ કમીશનર, મનરેગા |

આ યોજના અંતર્ગત 'પર ડ્રોપ મોર ક્રોપ' માટે કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તક કામગીરી છે અને પર ડ્રોપ મોર ક્રોપ' ઘટક માટેની અમલીકરણ એજન્સી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લી., વડોદરા છે.

## ❒ અન્ય શરતો

રાજ્ય દ્વારા તમામ જિલ્લાઓના ડીસ્ટ્રીક ઈરીગેશન પ્લાન (DIP)તૈયાર કરી તેને સ્ટેટ લેવલ સેન્કશનીંગ કમિટિમાં મંજૂર કરવાનો રહે છે.

# ૧૧ ‘‘બેટી વધાવો’’ અભિયાન

## ❐ યોજનાનો ઉદ્દેશ

સ્ત્રી ભૃણ હત્યા અટકાવવાના હેતુસર ગર્ભના જાતિ પરીક્ષણ ઉપર પ્રતિબંધ મુકતો, ધી પીસી એન્ડ પીએનડીટી એક્ટ, ૧૯૯૪ રાષ્ટ્રીય કક્ષાએ અમલમાં મુકવામા આવેલ છે. જન્મ સમયે બાળકોના જાતિ પ્રમાણદરમાં સમાનતા લાવવા ગુજરાતમાં ‘‘બેટી વધાવો’’ અભિયાન અંતર્ગત કાયદાનું સઘન અમલીકરણ કરવામાં આવેલ છે તથા જનજાગૃતિના વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર–પ્રસાર કરવામાં આવી રહયો છે. હાલ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે ‘બેટી બચાઓ બેટી પઢાઓ’ યોજના અમલમા મુકેલ છે, જેમાં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, સુરત, મહેસાણા, રાજકોટ, અમરેલી આણંદ, પાટણ અને ભાવનગર એમ કુલ ૯ જિલ્લાઓ આવરી લેવામાં આવેલ છે.

## ❐ અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા

પીસી એન્ડ પીએનડીટી એક્ટ–૧૯૯૪ની જોગવાઈ અનુસાર કાયદાનું અમલીકરણ કરવા સારુ રાજય સરકાર દ્વારા એપ્રોપ્રિએટ ઓથોરીટી તરીકે સ્ટેટ એપ્રોપ્રિએટ ઓથોરીટી, કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી,પ્રાંત ઓફિસરશ્રી, કોર્પોરેશન એરીયાની નિમણૂંક કરી સદર કાયદાનું અમલીકરણ તથા સંલગ્ન કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

## ૧૨ સર્વ શિક્ષા અભિયાન

❒ **ઉદ્દેશો:**રાજયમાં ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અને સ્થાયીકરણ અભિવૃદ્ધિના ધ્યેયોને હાંસલ કરવા

૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અન્વયે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ–નો એપ્રિલ૨૦૦૯–૨૦૧૦થી અમલ

❒ **પાત્રતા:**૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો

❒ **યોજનાના ફાયદા:**૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકો સામાજિક, આર્થિક કે લિંગભેદ વિના ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરે તે માટે

- શાળાની માળખાકીય સુવિધાઓનો વિકાસ,
- તાલીમ દ્વારા શિક્ષક સજ્જતા,
- કન્યાઓ માટે નિવાસી સુવિધા સાથેના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય,
- વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો (CWSN-Children With Special Needs) ને સાધનસહાય,
- શાળા બહારના બાળકોને ખાસ તાલીમ દ્વારા શાળામાં પુનઃ સ્થાપન

❒ **પ્રક્રિયા:**૬ થી ૧૪ વયજૂથના તમામ બાળકોને સાર્વત્રિક શિક્ષણ આપવાના ધ્યેયને પરિપુર્ણ કરવા માટે

- રાઇટ ટુ એજ્યુકેશન એક્ટની૨૦૦૯– જોગવાઇ મુજબ શાળાની ઉપલબ્ધતા
- સ્પેશિયલ ટ્રેનિંગ (STP) વયજૂથના શાળા બહારના બાળકો માટે ૬ થી ૧૪ : વયકક્ષા મુજબ નજીકની શાળામાં નામાંકન અને સ્પેશિયલ ટ્રેનીંગ આપી બાળકોને તેમની વયને અનુરૂપ ધોરણમાં સામાન્ય શાળામાં મેઇન્સ્ટ્રીમ કરવા
- અંતરિયાળ અને શહેરી વંચિત વિસ્તારના બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા
- ૬ થી ૧૪ વયજૂથના તમામ બાળકોને સમાન શિક્ષણ આપવાના ધ્યેયને પરિપુર્ણ કરવા માટે
- વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો (CWSN-Children With Special Needs) માટે પ્રારંભિક શિક્ષણ, સાધન સહાય, વાલીને માર્ગદર્શન અને જન જાગૃતિ
- કન્યા શિક્ષણને પ્રોત્સાશન માટે જનજાગૃતિ કાર્યક્રમો અને કે.જી.બી.વી.

- ૬ થી ૧૪ વયજૂથના તમામ બાળકોને ગુણવત્તાયુકત શિક્ષણ આપવાના ધ્યેયને પરિપુર્ણ કરવા માટે
- પ્રજ્ઞા અભિગમ એટલે ‘‘પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન’’ ભાર વિનાનું ભણતર પદ્ધતિ દ્વારા શિક્ષણ
- કોમ્પ્યુટર એઈલેડ લર્નિંગ એટલે કોમ્પ્યુટર દ્વારા વિષય શિક્ષણનો અભિગમ
- જરૂરિયાત આધારિત સેવાકાલીન શિક્ષક તાલીમ

❑ **અમલીકરણ એજન્સી:**રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય પ્રારંભિક શિક્ષણ પરિષદ – સ્ટેટ પ્રોજેક્ટ કચેરી

- જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રોજેક્ટ કચેરી
- તાલુકા કક્ષાએ બ્લોક રીસોર્સ સેન્ટર
- કલસ્ટર કક્ષાએ કલસ્ટર રીસોર્સ સેન્ટર
- શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ

## ૧૩ મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

- ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો અને મધ્યમ વર્ગીય પરિવારો પોતાની પસંદગીવાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી ગુણવત્તાયુક્ત સારવાર તદ્દન મફત મેળવી શકે .

❒ **પાત્રતાના ધોરણો**

- લાભાર્થી કુટુંબનો ગ્રામ્ય ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ તેમજ શહેરી ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગની બીપીએલ યાદીમાં સમાવેશ જરૂરી.
- રૂ.૧.૨૦ લાખ કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવકનો દાખલો.

❒ **યોજનાના ફાયદા/સહાય**

- યોજના હેઠળ ગંભીર બીમારીઓ જેવી કે હૃદય, કીડની, કેન્સર, નવજાત શિશુઓના ગંભીર રોગ, ગંભીર ઇજાઓ, બર્ન્સ અને મગજના રોગો જેવી બીમારીઓની કુલ ૫૪૪ જેટલી પ્રોસીજર માટે કુટુંબ દીઠ વાર્ષિક રૂ.૨ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- મા કાર્ડ ધરાવતો લાભાર્થી યોજના સાથે જોડાયેલ કુલ ૧૧૨ જેમાં ૬૮ ખાનગી ૧૯ સરકારી તેમજ ૨૫ સ્ટેન્ડ અલોન ડાયાલીસીસ સેન્ટરમાં જઇને લાભ લઇ શકે છે.
- લાભાર્થીના કુંટુંબના દરેક સભ્યના ફોટો, બાયોમેટ્રિક અંગુઠાના નિશાનનો સમાવેશ હોય તેવું ક્યુ.આર. (ક્વીક રિસ્પોન્સ) **મા/મા વાત્સલ્ય કાર્ડ** આપવામાં આવે છે.

❒ **પ્રક્રિયા**

- મા/મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ તાલુકા કક્ષાએ સ્થાપિત ૨૫૧ કિઓસ્ક તેમજ સીટી કક્ષાએ સ્થાપિત ૬૭ કિઓસ્ક પરથી મેળવી શકે છે.
- લાભાર્થી કુટુંબના ફોટા અને અંગુઠાના નિશાન લઇ તાલુકા વેરિફાયીંગ ઓથોરિટી દ્વારા ચકાસણી કરી કાર્ડ આપવામાં આવે છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- રાજ્ય કક્ષાએ સ્ટેટ નોડલ સેલની રચના કરવામાં આવેલ છે.
- ક્લેઇમ પ્રોસેસ, હોસ્પિટલ એમપેનલમેન્ટ, આઇ.ઇ.સી. પ્રવૃત્તિઓ માટે **Implementation Support Agency** તરીકે એમ.ડી.ઇન્ડીયા હેલ્થકેર નેટવર્ક પ્રા.લિ.ને નિયુક્ત કરેલ છે.

❒ **અન્ય શરતો**

- યોજના હેઠળ મા/મા વાત્સલ્ય કાર્ડ કઢાવવું જરૂરી છે.
- યોજના અંતર્ગત ગંભીર બીમારીઓની નિયત કરેલ ૫૪૪ પ્રોસિજરોની સારવાર સંલગ્ન હોસ્પિટલોમાંથી જ મળવાપાત્ર થાય છે.

## ૧૪ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના

- **યોજનાનો ઉદ્દેશ:** ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુટુંબોને, કુટુંબદીઠ વર્ષ દરમિયાન વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારીની બાંહેધરી આપવાનો આ યોજનાનો ઉદ્ધેશ છે.

- **પાત્રતાના ધોરણો:** યોજના હેઠળ તમામ ગ્રામીણ કુટુંબોના પુખ્ત વયના સદસ્યો કે જેઓ સવેતન રોજગારી મેળવવા શારિરીક શ્રમ તથા બિનકુશળ કામ કરવા ઇચ્છુક હોય, તેવા કુટુંબો આ યોજનાનો લાભ લઈ શકે છે.

- **યોજનાના ફાયદા/સહાય:** જોબ કાર્ડ ધારક ગ્રામીણ કુટુંબને વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારી આપવાની સાથે ગ્રામ્ય વિસ્તારમાં લોકોપયોગી વ્યક્તિગત અને સામૂહિક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

- **પ્રક્રિયા:** રોજગારી વાચ્છુંક કુટુંબોએ સંબંધિત ગ્રામ/તાલુકા પંચાયત સમક્ષ સળંગ ૧૪ દિવસની રોજગારી લેખિત/મૌખિક સ્વરૂપે માંગણી કરવાની રહે છે. આવી માંગણી થયેથી જોબકાર્ડધારક કુટુંબને ગ્રામ પંચાયત દ્ધારા દિન-૧૫માં કામ શરૂ કરી રોજગારી પૂરી પાડવાની રહેશે. પ્રોગ્રામ ઓફીસર તે માટે અઠવાડિક ઇ-મસ્ટર ઇસ્યુ કરશે. ગ્રામ પંચાયત દ્ધારા કામ શરૂ કરાવી, મસ્ટર નિભાવણી કરી પ્રોગ્રામ ઓફિસરને ચુકવણા માટે મોકલી આપશે. પ્રોગ્રામ ઓફિસરની કચેરી દ્ધારા કરેલ કામોના માપો લઈ શ્રમિકે કરેલ કામના પ્રમાણમાં મળવાપાત્ર વેતન ૧૫ દિવસમાં જે તે કુટુંબના બેન્ક/ પોસ્ટના ખાતામાં જમા કરાવશે. શ્રમિકોની આધાર કાર્ડની વિગતો પણ સ્વેચ્છાએ જોડી શકાશે.

- **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા:** યોજનાના કામોનું અમલીકરણ ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/જિલ્લા પંચાયત, સરકારશ્રીના સંબંધિત વિભાગો, કેન્દ્ર/રાજ્ય સરકારના જાહેર સાહસો, પ્રખ્યાત બિન સરકારી સંસ્થા તથા સ્વ-સહાય જૂથો કરશે. જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર તરીકે જિલ્લા વિકાસ અધિકારી છે.

- **અન્ય શરતો:** કામના સ્થળે છાંયડો, તાત્કાલિક સારવારની દવાઓ, પીવાનું પાણી અને ૬ વર્ષથી નીચેના પાંચથી વધુ બાળકો હોય તો ઘોડિયાઘરની સવલતો આપવાની રહેશે. કામ પર અકસ્માતના કિસ્સામાં મળવાપાત્ર રાહત, સામાજિક ઓડિટ અને ફરિયાદ નિવારણ, ઇ-એફ.એમ.એસ. પધ્ધતિથી શ્રમિકોના વેતન ચુકવણા સીધે સીધા શ્રમિકના ખાતામાં જમા કરવા, કામની માંગણી અનુસાર ૧૫ દિવસની સમયમર્યાદામાં રોજગારી પૂરી પાડી ન શકાય તો તે કુટુંબને બેરોજગારી ભથ્થું, વગેરે શરતોનું પાલન કરવાનું રહેશે.

# ૧૫ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે ગુણવત્તા અને આવક (Merit cum Means)ના ધોરણે આર્થિક સહાય આપવી.

❒ **પાત્રતાના ધોરણો**

(૧) રૂ. ૬,૦૦,૦૦૦/– સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો.

(૨) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ–૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓ.

(૩) ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ–૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓ.

❒ **યોજનાના ફાયદા/સહાય**

❒ **ટ્યુશન ફી સહાય**

(૧) સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સરકાર માન્ય સંસ્થાના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨,૦૦,૦૦૦/– તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૨) સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/– તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૩) સ્નાતક કક્ષાના કોર્સીસ નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૧૦,૦૦૦/– તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૪) સરકાર માન્ય સંસ્થાના ડીપ્લોમા સ્વ–નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૨૫,૦૦૦/– તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય.

(૫) સરકારી મેડીકલ, ડેન્ટલ, ઇજનેરી કોલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેને કારણે જનરલ કેટેગરીના જે સંખ્યામાં વિદ્યાર્થીઓને સ્થળાંતર કરવું પડે અને છેલ્લે જો કોઇ પણ સરકારી કોલેજમાં તેઓને પ્રવેશ ન મળે અને ફરજિયાતપણે તેઓને સ્વ–નિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આવા આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવેલ સ્વ–નિર્ભર કોલેજ અને સરકારી કોલેજ વચ્ચેની ટ્યુશન ફીના તફાવતની રકમ સહાય પેટે મળવાપાત્ર છે.

❒ **સાધન–પુસ્તક સહાય**

મેડીકલ/ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન–પુસ્તક સહાય પેટે રૂ.૧૦,૦૦૦, ઇજનેરી/ ટેકનોલોજી/ ફાર્મસી/ આર્કીટેક્ચરના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન–પુસ્તક સહાય પેટે રૂ.૫,૦૦૦ તથા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે સાધન–પુસ્તક સહાય પેટે રૂ.૩,૦૦૦ મળવાપાત્ર છે. અભ્યાસક્રમની અવધિ દરમ્યાન સાધન–પુસ્તક સહાય માત્ર એક જ વખત મળવાપાત્ર છે.

❒ **પ્રક્રિયા**

(૧) વિદ્યાર્થીએ NIC દ્વારા તૈયાર કરવામાં આવેલ વેબ પોર્ટલ (http://mysy.guj.nic.in) પર ઓનલાઇન અરજી કરવાની રહે છે.

(૨) ઓનલાઇન અરજી કર્યા બાદ જરૂરી દસ્તાવેજો સાથે વિદ્યાર્થીએ અરજીની ખરાઇ હેતુ રાજ્યમાં આવેલા કુલ ૯૧ હેલ્પ સેન્ટર્સ પૈકીના નજીકના હેલ્પ સેન્ટર ખાતે જવાનું રહે છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

(૧) આ યોજના માટે નોડલ એજન્સી તરીકે કેસીજીને નિયુક્ત કરવામાં આવેલ છે.

(૨) અભ્યાસક્રમ અનુસાર નીચે જણાવેલ કમિશનરશ્રી/નિયામકશ્રીની કચેરીઓ અરજીની અંતિમ ચકાસણી અને મંજૂરી માટે અધિકૃત કરવામાં આવેલ છે.

- ૧) ટેકનિકલ શિક્ષણને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી;
- ૨) ઉચ્ચ શિક્ષણને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી;
- ૩) મેડીકલ, ડેન્ટલ અને પેરામેડીકલને લગતા અભ્યાસક્રમો માટે કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી;
- ૪) એગ્રીકલ્ચરને લગતા અભ્યાસક્રમો માટે નિયામકશ્રી, ખેતીની કચેરી;
- ૫) વેટરનરીને લગતા અભ્યાસક્રમો માટે નિયામકશ્રી, પશુ–પાલનની કચેરી;
- ૬) આ સિવાયના અન્ય અભ્યાસક્રમો માટે સંબંધિત નિયામકશ્રી / કમિશનરશ્રીની કચેરીઓ દ્વારા અરજીઓની ચકાસણી અને મંજુરીની કાર્યવાહી કરવાની રહેશે.

## ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (વય વંદના)

## [IndiraGandhi National Old Age Pension Scheme – (IGNOAPS)]

- **યોજનાનો ઉદ્દેશ**
- રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (National Social Assistance Programme(NSAP)) હેઠળ વૃદ્ધોને આર્થિક સહાય આપવી.
- **પાત્રતાના ધોરણો**

(૧) અરજદારની ઊંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઈએ.

(૨) બી.પી.એલ.યાદીમાં ૦ થી ૧૬ના સ્કોરમાં સમાવિષ્ટ.

- **યોજનાના ફાયદા/સહાય**

(૧) ૬૦ થી ૭૯ વર્ષ સુધીનાને રૂા.૪૦૦/– માસિક સહાય (રૂા.૨૦૦/– ભારત સરકાર અને રૂા.૨૦૦/– રાજ્ય સરકાર)

(૨) ૮૦ વર્ષથી વધુ ઊંમર ધરાવનારને રૂા.૭૦૦/– માસિક સહાય (રૂા.૫૦૦/– ભારત સરકાર અને રૂા.૨૦૦/– રાજ્યસરકાર)

- **પ્રક્રિયા**

તાલુકા મામલતદારને નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે.

- **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

મહેસૂલ વિભાગ હસ્તકના ૩૩ જિલ્લા કલેક્ટરશ્રી હેઠળના ૨૪૯ તાલુકા મામલતદારશ્રીઓ.

# ૧૭ વૃદ્ધ પેન્શન યોજના (રાજ્ય સરકાર) (નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના)

નિરાધાર વૃદ્ધ અને નિરાધાર અપંગને નાણાંકીય સહાય યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

નિરાધાર વૃદ્ધો અને અપંગ નિરાધારોને નિભાવ માટે નાણાંકીય સહાય આપવી.

❒ **પાત્રતાના ધોરણો**

(૧) અરજદારની ઊંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઈએ. અપંગ અરજદારના કિસ્સામાં ઊંમર ૪૫ વર્ષથી વધુ અને અપંગતાની ટકાવારી ૭૫% થી વધુ હોવી જોઈએ.

(૨) ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોવો જોઈએ. પુખ્ત વયનો પુત્ર હોય પરંતુ શારીરિક, માનસિક અપંગતા ધરાવતો કે કેન્સર, ટી.બી. જેવી ગંભીર માંદગીથી પીડાતો હોય.

(૩) અરજદારની વાર્ષિક આવક:-

- ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭,૦૦૦/– અને
- શહેરી વિસ્તાર માટે રૂા.૬૮,૦૦૦/– થી વધુ ન હોય.

❒ **યોજનાના ફાયદા/સહાય:-** રૂા.૪૦૦/– માસિક (રાજ્ય સરકારનો ફાળો)

❒ **પ્રક્રિયા**

તાલુકા મામલતદારને નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

મહેસૂલ વિભાગ હસ્તકના ૩૩ જિલ્લા કલેક્ટરશ્રી હેઠળના ૨૪૯ તાલુકા મામલતદારશ્રીઓ.

❒ **અન્ય શરતો**

છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતો હોવો જોઈએ.

## ૧૮ વિકલાંગ પેન્શન યોજના

**ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ (IGNDPS)**
**(કેન્દ્ર સરકારની યોજના)**

❒ **યોજનાનો ઉદ્દેશ**

તીવ્ર અશકત વિકલાંગ વ્યકિતઓ માટે નાણાંકીય સહાય આપવી.

❒ **પાત્રતાના ધોરણો**

(૧) લાભાર્થીનું નામ B.P.L. કુટુંબની (૦ થી ૧૬ સ્કોર) યાદીમાં સમાવિષ્ટ હોવું જોઈએ.

(૨) અરજદારની ઊંમર ૧૮ થી વધુ અને ૮૦ વર્ષથી ઓછી હોવી જોઇએ. (૧૮ થી ૭૯ વર્ષ)

(નોંધ– ૮૦ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (IGNOPS) હેઠળ તબદીલ કરવાના રહે છે)

(૩) અરજદારની વિકલાંગતાની ટકાવારી ૮૦% કે તેથી વધુ હોવી જોઇએ.

❒ **યોજનાના ફાયદા/સહાય :-** માસિક રૂા.૬૦૦/–
(ભારત સરકાર રૂા.૩૦૦/– + રાજ્ય સરકાર રૂા.૩૦૦/–)

❒ **પ્રક્રિયા**

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

સમાજ સુરક્ષા ખાતા હસ્તકના ૩૩ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.

# ૧૯ વિકલાંગ પેન્શન યોજના

સંત સુરદાસ યોજના (રાજ્ય સરકારની યોજના)

- **યોજનાનો ઉદ્દેશ**

  તિવ્ર અશકત વિકલાંગ વ્યકિતઓ માટે નાણાંકીય સહાય આપવી.

- **પાત્રતાના ધોરણો**

  (૧) લાભાર્થીનું નામ B.P.L. કુટુંબની (૦ થી ૧૬ સ્કોર) યાદીમાં નામ સમાવિષ્ટ.
  (૨) અરજદારની ઉંમર ૦ થી ૬૪ વર્ષ સુધીની હોવી જોઇએ. (તા.૩૧/૭/૨૦૦૯ના પહેલાનાં જૂના લાભાર્થીઓ)
  (૩) અરજદારની વિકલાંગતાની ટકાવારી ૭૫ ટકા કે તેથી વધુ હોવી જોઇએ.
  (૪) તા.૧/૮/૨૦૦૯ પછી ૦ થી ૧૮ વર્ષ સુધી બી.પી.એલ., ૮૦ ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ.

  (નોંધઃ- ૧૮ વર્ષની ઉંમર બાદ ભારત સરકારની IGNDPSમાં તબદીલ કરવામાં આવે છે.)

- **યોજનાના ફાયદા/સહાય** માસિક રૂા.૪૦૦/-(રાજ્ય સરકારનો ફાળો)

- **પ્રક્રિયા**

  જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમુનામાં અરજી કરવાની હોય છે.

- **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

  સમાજ સુરક્ષા ખાતા હસ્તકના ૩૩ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.

- **અન્ય શરતો**

  છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતો હોવો જોઇએ.

- **વિશેષ નોંધ :-**

  (૧) ભારત સરકારની IGNDPS વિકલાંગતાની ટકા ૮૦ % કે તેથી વધુ છે.

  (૨) રાજ્ય સરકારના જૂના લાભાર્થીઓમાં વિકલાંગતાની ટકાવારી ૭૫% છે. તા.૧/૮/૨૦૦૯ બાદ ૭૫% વિકલાંગતા ધરાવતા લાભાર્થીને લાભ મળતો નથી.

  (૩) ભારત સરકારની IGNDPSમાં વય ૧૮- ૭૯ વર્ષ છે, જ્યારે રાજ્ય સરકારમાં ૦-૧૭ વર્ષની ઊંમરનો સમાવેશ થાય છે.

## ૨૦ પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

- **પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના–૧**

  વસતી ગણતરી ૨૦૦૧ મુજબના ૨૫૦ થી વધુ વસતીના આદિજાતિ પરા અને ૫૦૦ થી વધુ વસતીવાળા બિન આદિજાતિ પરાઓને કનેક્ટિવિટી આપવી.

- **પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના–૨**

  જે રાજ્યોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના–૧ મુજબ ના મળવાપાત્ર પરા જોડાણ ની ૧૦૦% મંજુરી મેળવી લેવામાં આવી હોય તેવા રાજ્યોના હયાત રોડ નેટવર્ક પૈકી માર્ગદર્શિકા મુજબના માર્કીંગ ની પાત્રતામાં આવતા પસંદગીના ગ્રામ્ય અને અન્ય જિલ્લા માર્ગોને જોડીને બનતા થ્રુ રૂટ ને ૫.૫ મીટર સુધી પહોળા અને મજબૂતીકરણની જોગવાઇ છે.

❒ **યોજનાના ફાયદા/સહાય**

૧) પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના–૧ હેઠળ ૨૦૫૭ આદિજાતિ પરાઓ અને ૧૨૩૦ બિન આદિજાતિ પરાઓ મળી કુલ ૩૨૮૭ પરાઓને કુલ ૫૩૪૮.૯૨ કિલોમીટરની લંબાઈ દ્વારા એક બારમાસી રસ્તાથી જોડાણના લાભ માટે રૂ. ૧૩૬૪.૬૭ કરોડ ની કિંમતે આવરી લેવામાં આવ્યા છે. જે પૈકી ૩૨૬૧ પરાઓને જોડતા ૫૨૧૨.૩૦ કિલોમીટરના રસ્તાઓના કામો પૂર્ણકરવામાં આવ્યા છે. ઉપરાંત કુલ ૬૧૯૧.૩૭ કિલોમીટરના ગ્રામ્ય રસ્તાઓ ને રૂ. ૨૦૦૩.૪૯ કરોડની કિંમતે સુધારણા/મજબૂતીકરણ માટે મંજૂરી મેળવી લેવામાં આવી, જે પૈકી ૬૦૬૩.૪૭ કિલોમીટરની લંબાઇ ના રસ્તાઓની સુધારણા/મજબૂતીકરણ ના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

૨) પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના–૨ હેઠળ કુલ ૧૧૮૦.૩૧ કિલોમીટરના ગ્રામ્ય રસ્તાઓ ને રૂ. ૬૭૭.૦૧ કરોડની કિંમતે પહોળા અને સુધારણા/મજબુતીકરણ માટે મંજૂરી મેળવી લેવામાં આવી જે પૈકી ૯૦૬.૪૨ કિલોમીટરની લંબાઇના રસ્તાઓના સુધારણા/મજબૂતીકરણના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

યોજના અમલીકરણ માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હેઠળ ની વિભાગીય કચેરી મારફતે અમલ કરવામાં આવે છે તથા રાજ્ય કક્ષાએ સમીક્ષા ગુજરાત સ્ટેટ રૂરલ રોડ ડેવલપમેન્ટ એજન્સી/ માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા કરવામાં આવે છે.

❒ **અન્ય શરતો**

૧) જમીન ઉપલબ્ધ કરાવવાની જવાબદારી રાજ્ય સરકારની છે.

૨) મંજૂર કરેલ રકમ ઉપરનું નાણાકીય ભારણ જેમ કે – ટેંડર પ્રિમિયમ / સ્ટાર રેટ / એક્સ્ટ્રા – એક્સેસ જેવી રકમ વગેરે રાજ્ય સરકારે ભોગવવાની હોય છે.

૩) નવેમ્બર ૨૦૧૫ ના પરિપત્ર થી ભારત સરકારે ૦૧–૦૪–૨૦૧૫ થી અમલમાં આવે તે રીતે યોજનાની ફંડીગ પેટર્નમાં ૬૦ :૪૦ (કેંદ્ર : રાજ્ય) નો ફેરફાર કરવામાં આવ્યો છે.

## ૨૧ લોકવ્યવસ્થાપિત ગ્રામ્ય પેયજળ કાર્યક્રમ
### (રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ)

❒ **યોજનાનો ઉદ્દેશ**

ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સંપૂર્ણ વિકેન્દ્રિત અને લોક વ્યવસ્થાપિત આંતરિક પેયજળ યોજના દ્વારા ઘરે–ઘરે નળ જોડાણ થકી પીવાનું શુદ્ધ અને પૂરતું પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવી. જેમાં મુખ્યત્વે નીચેની કામગીરીનો સમાવેશ થાય છે.

પાણી સમિતિની રચના કરવી, પાણી વિતરણ અને સ્વચ્છતાના વ્યવસ્થાપનમાં દરેક સમુદાય અને સ્ત્રીઓની ભાગીદારી સુનિશ્ચિત કરવી, લોકજાગૃતિ કેળવવી, પાણી અને સ્વચ્છતા માટે ઇજનેરી પદ્ધતિઓ વિકસાવવી.

❒ **પાત્રતાના ધોરણો**

જે ગામ ગ્રામ પંચાયત તરીકે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા હોય તેમજ જૂથ ગ્રામ પંચાયતના ભાગ તરીકે હોય તેવા તમામ ગામો.

❒ **યોજનાના ફાયદા/સહાય**

ગામની સ્થાનિક માંગ અને જરૂરિયાતને આધારિત પેયજળ યોજના થકી પાણી પૂરું પાડવું.

લોકભાગીદારીના અભિગમથી યોજનાના પોતીકા પણાની ભાવના જાગૃત થાય છે અને તેનું સંચાલન સંપૂર્ણ આત્મનિર્ભર અને વિકેન્દ્રિત ધોરણે થાય છે.

❒ **પ્રક્રિયાઃ**

વાસ્મોના સામાજિક તેમજ તકનિકી સભ્યોના માર્ગદર્શનથી નીચે મુજબની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

પાણી સમિતિની રચના અને વીલેજ એક્શન પ્લાનની મંજૂરી.

જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિમાં યોજના મંજુર કરી પાણી સમિતિ થકી અમલીકરણ કરાવવું.

યોજના પૂર્ણ થયા બાદ ગ્રામસભામાં યોજનાના મરામત અને નિભાવણી માટે ખાસ પાણીવેરાની રકમ નક્કી કરવી તેમજ યોજનાનું આત્મર્પણ કરી સંચાલન અંગેની તાલીમ આપવી.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ (પાણી સમિતિ) દ્વારા જેમાં વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઝેશન (વાસ્મો) માર્ગદર્શન આપવાનું કામ કરે છે.

❒ **અન્ય શરતો**

રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમના ધારાધોરણ પ્રમાણે આંતરિક પેયજળ વ્યવસ્થાપનની યોજનાની કુલ કિમતના ૧૦ટકા જેટલી રકમ પાણી સમિતિ દ્વારા ગામ લોકો પાસેથી એકઠી કરીને યોજનાના અમલીકરણ હેતુ ઉપયોગ કરવાની રહે છે. આ બાબતે સહમત થતા તમામ ગામો આ યોજનાનો લાભ લઇ શકે છે.

## ૨૨ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

- અસંગઠિત ક્ષેત્રનાં પરિવારોને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય અને તેઓને કેશલેસ સારવાર સુવિધા મળી રહે .
- ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને બીમારીના સમયે નાણાકીય જવાબદારીઓ સામે રક્ષણ પૂરું પાડવું .

❒ **પાત્રતાના ધોરણો**

- બી.પી.એલ. કુટુંબો, રેલ્વે પોર્ટર, બીડી વર્કર, મનરેગા હેઠળના શ્રમિકો, અન્ય કારીગર વર્ગ.
- ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ.

❒ **યોજનાના ફાયદા/સહાય**

- વાર્ષિક રૂ.૩૦,૦૦૦ સુધીનો કુટુંબદીઠ તબીબી સેવા ખર્ચ વીમા કવચ હેઠળ આવરી લેવાય છે.
- પૂર્વ અસ્તિત્વમાં હયાત રોગ પણ દિન એકથી આવરી લેવામાં આવે છે અને ઉંમરની કોઈ મર્યાદા રહેતી નથી. યોજના  હેઠળ (કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિને કુટુંબના વડા, પત્નિ અને આધારિત ૩ બાળકો) લાભ મળવા પાત્ર છે.
- આ યોજના હેઠળ કૂલ ૧૩૮૫ (સરકારી ૪૩૭ અને ખાનગી ૯૪૮) દવાખાનામાંથી સારવાર મેળવી શકે છે.

❒ **પ્રક્રિયા**

- આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થિ કુટંબને સ્માર્ટકાર્ડ આપવામાં આવે છે. સ્માર્ટ કાર્ડ માટે રજિસ્ટ્રેશન ચાર્જ રૂ.૩૦ ચુકવવાનો હોય છે.
- લાભાર્થી પાસે સ્માર્ટ કાર્ડ હોવું જરૂરી છે, જે કાર્ડ લઇ તે **RABY** યોજના હેઠળ સંલગ્ન હોસ્પિટલોમાંથી મફત સારવાર મેળવી શકે છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- આ યોજના માટે રાજય સરકારે સ્ટેટ નોડલ એજન્સીની રચના કરી યોજનાને સફળતા પૂર્વક અમલી કરેલ છે.
- યોજનાના સુપરવિઝન અને મોનીટરીંગ હેતુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર– **RABY**ની નિમણૂંક કરેલ છે.
- **RABY**યોજના હેઠળ ટેન્ડર પ્રક્રિયા દ્વારા ઈન્સ્યોરન્સ કંપની નિયુક્ત કરવામાં આવેલ છે.

❒ **અન્ય શરતો**

- યોજનાનો લાભ મેળવવા રજીસ્ટ્રેશન કરાવી **RABY** કાર્ડ હોવું જરૂરી છે.
- યોજના  હેઠળ (કુટુંબના મહત્તમ પાંચ વ્યક્તિને કુટુંબના વડા, પત્નિ અને આધારિત ૩ બાળકો) લાભ મળવાપાત્ર છે.
- જે તે વિભાગ દ્વારા નોંધાયેલા કુટુંબોને જ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર થાય છે .

# ૨૩ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ )

## ❒ યોજનાનો ઉદ્દેશ

- સ્વચ્છતા અને સ્વાસ્થ્યને ઉત્તેજન આપીને અને ખુલ્લામાં શૌચક્રિયા સદંતર બંધ કરાવી ગ્રામીણ વિસ્તારોમાં જીવનની ગુણવત્તામાં સુધારો લાવવો.
- ૨ ઓક્ટોબર, ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારત હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં સંપૂર્ણ સ્વચ્છતાને આવરી લેવી .
- સલામત અને ટકાઉ સ્વચ્છતા માટે ઓછી ખર્ચાળ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવું .
- ગ્રામિણ વિસ્તારોમાં ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વૈજ્ઞાનિક પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત સમુદાય વ્યવસ્થાવાળી પદ્ધતિઓ વિકસાવવી
- સ્વચ્છતા બાબતે માનસિક બદલાવ લાવવા માટે લોકજાગૃતિ કેળવવી

## ❒ પાત્રતાના ધોરણો

- વર્ષઃ ૨૦૧૨ માં શૌચાલય વિહોણા કુટુંબોના બેઝલાઇન સર્વેમાં નોંધાયેલ તમામ બીપીએલ કુટુંબો
- એપીએલ કેટેગરી પૈકી નિયત કરેલ નીચે જણાવેલ વિગતેના પાંચ કેટેગરીવાળા કુટુંબો
- અનુસૂચિત જાતિના કુટુંબો અનુસૂચિત જનજાતિના કુટુંબો
- નાના અને સિમાંત ખેડૂતોના કુટુંબો
- જમીન વિહોણા ખેતમજૂર કુટુંબો
- મહિલા કુટુંબના વડા હોય તેવા કુટુંબો
- કુટુંબના વડા અપંગ હોય તેવા કુટુંબો

## ❒ યોજનાના ફાયદા/સહાય

- લોક માનસમાં પરિવર્તન લાવી અસ્વચ્છતાલક્ષી સ્થિતિમાં એકંદરે સુધારો લાવવો.
- ઘર આંગણે શૌચાલય હોવાથી દૂર ચાલીને ન જવું પડે તેમજ તડકામાં, વરસાદમાં, શિયાળાની ઠંડીમાં હેરાન ન થવું પડે .
- ઘરના બાળકો, વૃદ્ધ, અપંગ તથા માંદા માણસોને સરળતા રહે .
- મહિલાઓ અને દિકરીઓ તેમજ સગર્ભા બહેનો માટે આશીર્વાદ સમાન, જેથી તેમનું માન તથા આબરૂ જળવાઇ રહે .

- માખી, મચ્છરથી ફેલાતા રોગોમાં ઝાડા, કોલેરા, ટાઇફોઇડ અને કરમીયા જેવા રોગોથી બચી શકાય.
- બાળકોમાં સ્વચ્છતાલક્ષી સંસ્કારોનું સિંચન.

❒ **પ્રક્રિયાઃ**

- લાભાર્થી કુટુંબોએ વ્યક્તિગત શૌચાલય માટે પ્રોત્સાહક સહાય મેળવવા ગ્રામ પંચાયતે અરજી કરવી.
- તાલુકા વિકાસ અધિકારી કક્ષાએ ગ્રામ પંચાયત દ્વારા ભલામણ થઇ આવેલ અરજીઓ મંજૂર કરવી.
- લાભાર્થી કુટુંબ દ્વારા વ્યક્તિગત શૌચાલયનું બાંધકામ પૂર્ણ કરવું .
- વ્યક્તિગત શૌચાલયના બાંધકામની કામગીરી પૂર્ણ થયાની જાણ લાભાર્થી દ્વારા પંચાયતને કરવાની રહેશે.
- પૂર્ણ થયેલ શૌચાલયની ચકાસણી તાલુકા જિલ્લાના એન્જીનીયર દ્વારા કરાવી તેમના પ્રમાણપત્રના આધારે તાલુકા વિકાસ અધિકારીને દરખાસ્ત કરાવીને લાભાર્થીને પ્રોત્સાહક સહાય ચુકવવા માટેની કાર્યવાહી કરવી.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- **જીલ્લા કક્ષાએઃ** જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી,
- **તાલુકા કક્ષાએઃ** તાલુકા પંચાયત,
- **ગ્રામ્ય કક્ષાએઃ** ગ્રામ પંચાયત

# ૨૪ વિદ્યા સાધના યોજના

## આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની યોજનાઓ

### ❒ યોજનાનો ઉદ્દેશઃ

ધોરણ ૯ માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાના હેતુથી સાયકલ ભેટ આપવાની યોજના.

### ❒ પાત્રતાના ધોરણોઃ

(૧) ધોરણ ૯ માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવાપાત્ર થશે.

(૨) અંતર મર્યાદાના બાધ વિના રહેઠાણના સ્થળથી અન્ય ગામ/ શહેર/ સ્થળે હવે ધોરણ ૯ માં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી કન્યાઓને વર્ષ ૨૦૧૩–૧૪ થી સાયકલ ભેટ આપવાનું નકકી કરવામાં આવેલ છે.

### ❒ આવકનું ધોરણઃ

ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૪૭,૦૦૦/– તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮,૦૦૦/– વાર્ષિક આવક.

### ❒ યોજનાના ફાયદા/સહાય

પાત્રતા તથા આવકનું ધોરણ ધરાવતી કન્યાઓને સાયકલ ભેટ આપવામાં આવે છે.

### ❒ પ્રક્રિયા

અનુ.જનજાતિની ધોરણ૯ માં અભ્યાસ કરતી કન્યાઓની સાયકલ મેળવવા માટેની નિયત નમુનાની દરખાસ્ત સબંધિત માધ્યમિક શાળા દ્વારા તૈયાર કરી જે તે જીલ્લાના મદદનીશ કમિશ્નરશ્રી / આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં રજુ કરવાની હોય છે અને આ દરખાસ્તના આધારે નિયમોનુસાર મળવાપાત્ર વિદ્યાર્થીનીઓને સાયકલ પૂરી પાડવામાં આવે છે.

# ૨૫ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

શૈક્ષણિક વિકાસ માટે સહાય.

❒ **પાત્રતાના ધોરણો**

એસ. એસ. સી. પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને આ શિષ્યવૃતિ મળવાપાત્ર થાય છે

❒ **આવકનું ધોરણઃ**

વાર્ષિક રૂ. ૨,૫૦,૦૦૦/– ની આવક મર્યાદા ધ્યાને લેવાની રહેશે.

❒ **શિષ્યવૃત્તિના દર**

| ગૃપ | હોસ્ટેલર | ડેસ્કોલર |
|---|---|---|
| ૧ | ૧૨૦૦/– | ૫૫૦/– |
| ૨ | ૮૨૦/– | ૫૩૦/– |
| ૩ | ૫૭૦/– | ૩૦૦/– |
| ૪ | ૩૮૦/– | ૨૩૦/– |

❒ **પ્રક્રિયા**

અનુ.જનજાતિના વિદ્યાર્થીએ પોતાનુ અરજીફોર્મ ભરીને જરુરી દસ્તાવેજો સાથે સબંધિત શાળા/કોલેજને રજુ કરવાનું હોય છે. શાળા/કોલેજ ધ્વારા તમામ વિદ્યાર્થીઓના ફોર્મ મેળવી નિયત નમુનામાં જરુરી વિગતો સાથેની દરખાસ્ત તૈયાર કરી સબંધિત મદદનીશ કમિશ્નરશ્રી/આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરીમાં રજુ કરવાનું હોય છે, જયાં તેઓની શિષ્યવૃત્તી મંજુર કરી વિદ્યાર્થીઓના બેંક ખાતાઓમાં જમા કરાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

**નોંધઃ–** આ યોજના હેઠળ રુ.૨,૫૦,૦૦૦/– ની આવક મર્યાદા નિયત કરેલ છે. પરંતુ આ આવક મર્યાદા કરતા વધુ આવક ધરાવતા વાલીઓની કન્યાઓને પણ ઉકત ધોરણે શિષ્યવૃત્તી મંજુર કરવામાં આવે છે.

## ૨૬ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ઉત્તમકક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ‘‘ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર’’ યોજના

❒ **યોજનાનો ઉદ્દેશઃ** અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને અન્ય સમાજની હરોળમાં બરોબરી કરી શકે અને તેમનો આત્મવિશ્વાસ કેળવાય તે માટે ટેલેન્ટપુલ સ્કુલ નું નિર્માણ કરવાની યોજના.

❒ **પાત્રતાના ધોરણોઃ** અનુ.જનજાતિના ધોરણ–૫ માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીઓની ઇ.એમ.આર.એસ દ્વારા પ્રવેશ પરીક્ષા ગોઠવીને તેમાં વધુ ગુણ મેળવીને મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને ટેલેન્ટપુલ યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે.

❒ **આવકનું ધોરણઃ**

(૧) જે વાલીની વાર્ષિક આવક રૂ.૨.૦૦ લાખ સુધીની હોય તેમના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૨) જે વાલીની વાર્ષિક આવક રૂ.૨.૦૦ લાખ થી ૩.૦૦ લાખ સુધીની હોય અને તેઓ આ યોજનામાં જોડાવા માંગતા હોય તો તેઓએ આ યોજનામાં થનાર ખર્ચના ૫૦ % રકમ પોતે ભોગવવાની રહેશે.

❒ **યોજનાના ફાયદા/સહાય –**

❒ ટેલેન્ટ પુલ યોજના હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રૂ.૬૦૦૦૦/– કેશ વાઉચર તરીકે ચુકવવામાં આવે છે. જો શાળાની ફી તે કરતા ઓછી હોય તો બાકીની રકમ વિદ્યાર્થીને છાત્ર શિષ્યવૃત્તી તરીકે ચુકવવાની રહે છે. જયારે રૂ.૬૦,૦૦૦/– કરતા વધુ ફી હોય તો તે વાલીએ ભોગવવાની રહે છે. જયારે ટેલેન્ટ પુલ સ્કુલ વાઉચર યોજના હેઠળ અતિશ્રેષ્ઠ શાળમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને શાળાની ફી અથવા રૂ.૮૦૦૦૦/– બે માંથી જે ઓછું હોય તે કેશ વાઉચર તરીકે ચુકવવામાં આવે છે. જયારે રૂ.૮૦,૦૦૦/– કરતાં વધુ ફી હોય તે વાલીએ ભોગવવાની રહે છે.

## ૨૭ ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને ગુજકેટ અને જેઈઈની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ ફી આપવાની યોજના

❒ **યોજનાનો ઉદ્દેશઃ**

મેડીકલના અભ્યાસક્રમોની અનુ.જનજાતિની અનામત જગ્યાઓ પૈકી કેટલીક અનામત જગ્યાઓ ગુજકેટમાં જરુરીયાત મુજબના ૪૦ ટકા માર્કસ ન મેળવવાને કારણે વર્ષોથી ખાલી રહેતી હતી, જે જગ્યાઓ પૂરેપૂરી ભરાય તે માટે ગુજકેટની તાલીમ આપવાનો મુખ્ય ઉદેશ છે.

❒ **પાત્રતાના ધોરણોઃ**

૧) ધો. ૧૦ માં ૬૦ ટકાથી વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ.

૨) ધો. ૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

❒ **આવકનું ધોરણઃ**

આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય

❒ **પ્રક્રિયાઃ**

સબંધિત જિલ્લા મદદનીશ કમિશ્નરશ્રી/ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આ.વિ.) કચ્છ, ડાંગની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

## ૨૮ વોકેશનલ તાલીમ કેન્દ્ર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી મોડ)

❒ **યોજનાનો ઉદ્દેશ**

- રાજ્યના આદિજાતિ યુવક-યુવતિને રોજગાર લક્ષી ઉચ્ચ કૌશલ્ય/તાલીમ આપવી તથા તાલીમ પૂર્ણ થયા બાદ રોજગારી પૂરી પાડવી.

❒ **પાત્રતાના ધોરણો**

- ગુજરાત રાજય ના કોઈ પણ આદિજાતિ યુવકો આનો લાભ લઈ શકે છે.
- વોકેશનલ તાલીમ મેળવવા માટે નિયત કરેલ તાલીમ કોર્સની પાત્રતા મુજબ કોઈપણ તાલીમ કોર્સમાં જોડાઈ શકે છે.

❒ **યોજનાના ફાયદા/સહાય**

- આદિજતી યુવક યુવતી ને વિના મૂલ્ય કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમ્યાન લાભાર્થી ને પસંદ કરેલ ટ્રેડ અને કોર્સના સમયગાળા દરમ્યાન વિના મૂલ્ય રહેવા તથા જમવાની સુવિધા આપવામાં આવે છે .
- તાલીમ પૂર્ણ થયા બાદ લાભાર્થી ને રોજગારી માટે રોજગારી આપતી સંસ્થા સાથે જોડવામાં આવે છે.

❒ **પ્રક્રિયા**

- આદિજાતિ યુવક/યુવતી પોતાના જિલ્લાની પ્રાયોજના કચેરીનો સંપર્ક કરી શકે છે.
- આદિજાતિ યુવક/યુવતી વોકેશનલ તાલીમ આપવી અમલીકરણ સંસ્થાનો પણ સંપર્ક કરી શકે છે.
- ડેવલેપમેંટ સપોર્ટ એજન્સી દ્વારા તૈયાર કરેલ ઓનલાઇન પોર્ટલ પર લાભાર્થી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છે .

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- અતુલ રૂરલ ડેવલપમેંટ ફંડ, ગામ-અતુલ-તા.ધરમપુર-જિ.વલસાડ
- વાઘલધારા વિભાગ કેળવણી મંડળ ,ગામ-વાઘલધારા, જી-વલસાડ
- સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાસ્ટિક એન્જીનીયરિંગ એન્ડ ટ્રેનીંગ,ગામ-અટક પારડી, તાધરમપુર-,વલસાડ
- ઓલ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડ્રાઈવિંગ ટેકનિકલ ટ્રેનીંગ એન્ડ રિસર્ચ, ગામ-ગજાધરા,તાવાઘોડિયા-,જી-વડોદરા
- મુનિ સેવા આશ્રમ,ગામ-ગોરજ, તા.વાઘોડિયા.જી-વડોદરા
- શ્રોફ ફાઉંડેશન ટ્રસ્ટ, ગામપાલડી-તા.વાઘોડિયા, જી-વડોદરા
- ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, તા.અને જીદાહોદ-
- સેવા રૂરલ ટ્રસ્ટ,ગામ-ગુમાનદેવ, તા.ઝગડિયા. જી-ભરુચ

# ૨૯ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ (IDDP)

## ❒ યોજનાનો ઉદ્દેશ

- પશુપાલન વ્યવસાયમાં જોડાયેલ મહત્વની કડી મહિલાઓને લઇ તેનો વિકાસ.
- વિસ્તારમાં રહેલા નબળા ઢોરની જગ્યાએ જાતવાન જાનવરનો વિકાસ.
- પશુપાલન વ્યવસાય માટે જરૂરી માળખુ ઉભુ કરવું.

## ❒ પાત્રતાના ધોરણો

- આ યોજના હેઠળ મહિલા લાભાર્થી ૦ થી ૨૦ નો બીપીએલ સ્કોર ધરાવતા હોવા જોઇએ.
- આ યોજના અંતર્ગતલાભાર્થી અનુ. જનજાતિનાં જ હોવા જોઇએ અને તે સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણપત્ર મેળવેલ હોવો જોઇએ.
- લાભાર્થી દ્વારા આ યોજના હેઠળ આપવાના થતા ૨ પશુના યુનીટનો અગાઉ લાભ મેળવેલ ન હોવા જોઇએ.
- આ યોજના હેઠળ લાભાર્થી દૂધ મંડળીનાં સભાસદ હોવા જોઇએ.

## ❒ યોજનાના ફાયદા/સહાય

- આ યોજના હેઠળ પસંદ કરેલ લાભાર્થીને બે દૂધાળા પશુનો લાભ આપવામાં આવે છે. દૂધાળા પશુ ઉપરાંત પશુ વીમો સહાય, પશુ પરિવહન ખર્ચ, પશુ ખાણ- દાણ, વાસણ કીટ, પશુ સારવાર તથા તાલીમની સંલગ્ન સવલતો આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ આપવાની થતી યુનિટ કોસ્ટની રકમ રૂ.૫૪,૪૦૦/- નિયત કરેલ છે. (જેમાં ભારત સરકારના સહાય રૂ.૧૭,૪૦૦ રાજ્ય સરકારની સહાય રૂ.૧૫,૦૦૦/-, જીટીડીસી લોન રૂ.૨૦,૦૦૦/- તથા લાભાર્થી ફાળો રૂ.૨૦૦૦/- )

## ❒ અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા

- આદિજાતિ વિસ્તારોમાં આવેલી જીલ્લા દૂધ ઉત્પાદક સંઘો દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે તથા યોજનાનું સમગ્ર મોનીટરીંગ સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા કરવામાં આવે છે.

## ૩૦ વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા(વર્ટીકલ ક્રોપીંગ સીસ્ટમ)માટે સાધન સહાય યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

- આ યોજનાનો ઉદેશ્ય આદિજાતિ ખેડૂતોને આધુનિક ખેતી વ્યવસ્થા દ્ધારા રોજગારી તકો વિકસાવી કુટુંબની આર્થિક સ્થિતિમાં સુધાર કરવાનો છે.

❒ **પાત્રતાના ધોરણો**

- આ યોજના હેઠળ આદિજાતીનાખેતી ધરાવતા ખાતેદાર ખેડૂત કુટુંબો આ યોજનાના લાભાર્થી રહેશે.

❒ **યોજનાના ફાયદા/સહાય**

- આ યોજના હેઠળ લાભાર્થીઓનેવેલાવાળા પાકો માટે ૧૦ ગુંઠા માટે મંડપ તૈયાર કરવા માટે જરુરી સાધન ખરીદવા માટે રૂ. ૧૪૫૬૦.૦૦ નાણાંકિય સહાય આપવામાં આવશે.

❒ **પ્રક્રિયા**

- આ યોજના માટેના લાભાર્થીની પસંદગી જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી ધ્વારા કરવામાં આવશે. જિલ્લાના લક્ષ્યાંક મુજબ પાકની ઋતુ (સીઝન) શરૂ થાય તે પહેલા અરજીઓ મંગાવવાની રહેશે. જે અરજીઓ પૈકી લાભાર્થીની પાત્રતા ધ્યાને રાખી પાત્ર અરજીઓ અલગ કરી મંજુર કરવાની રહેશે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- જીલ્લા કક્ષાએ યોજનાના અમલીકરણ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી મારફત થશે.

## ૩૧ કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

- આદિજાતિ વિસ્તારના આદિજાતિ લોકોને કૃષિ થકી વધુ આવક મેળવતા થઇ શકે. આ પ્રોજેક્ટની અંતર્ગત મકાઇ, કારેલા, દુધી, ટમેટા, ભીંડા અને રીંગણ જેવા પાક માટે બિચારણ તથા ખાતરની કીટનું વિતરણ અને ખેતીને લગતી જરૂરી તાલીમ આપવામાં આવે છે.

❒ **પાત્રતાના ધોરણો**

- આ યોજના હેઠળ આદિજાતિના ખેતી ધરાવતા ખાતેદાર ખેડૂત કુટુંબો પૈકી ૦ થી ૨૦ બીપીએલ સ્કોર ધરાવતા કુટુંબોઆ યોજનાના લાભાર્થી હોય છે.

❒ **યોજનાના ફાયદા/સહાય**

૧. આ પ્રોજેક્ટ અંતર્ગત  મકાઈ, રીંગણ, ભીંડા, કારેલા, તથા દુધી જેવા શાકભાજીના ગુણવતાના બિચારણ તથા પાકને અનુરૂપ રાસાયણીક ખાતરની કીટ તૈયાર કરી પૂરી પાડવામા આવે છે અને ખેતીને લગતી જરૂરી તાલીમ આપવમાં આવે છે.

૨. આ યોજના હેઠળ લાભાર્થીએ રૂ ૫૦૦/– લોકફાળા તરીકે આપવાનો રહે છે.

❒ **પ્રક્રિયા**

- આ યોજના માટેના લાભાર્થીની પસંદગી તથા ચકાસણી જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તારમાં ગરીબી રેખા નીચે જીવતા તથા ફોરેસ્ટ રાઇટ એક્ટ ધરાવતા આદિજાતિ ખેડૂતો પૈકી લાભાર્થીની પસંદગી કરવામાં આવે છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- તમામ આદિજાતિ જીલ્લાઓમાં પ્રાયોજના કચેરીના પરામર્શમાં રહી અમલીકરણ એજન્સી (એગ્રીકલ્ચર સર્વિસ પ્રોવાઇડર)  દ્વારા યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

## ૩૨ માનવ ગરિમા યોજના

- **યોજનાનો ઉદ્દેશ:** અનુસુચિત જનજાતિના ઈસમો સ્વરોજગારી મેળવી શકે. યોજના અન્વયે તેઓને ટુલ કીટ/ઓજારો આપવામાં આવે છે.

- **પાત્રતાના ધોરણો:** અનુ.જનજાતિના ઈસમ કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૪૭,૦૦૦/–અને શહેરી વિસ્તારમાં રૂ. ૬૮,૦૦૦/–

- **યોજનાના ફાયદા/સહાય :**અનુ જનજાતિના લોકોને વિવિધ પ્રકારના વ્યવસાય માટે ગ્રીમકો ગાંધીનગર દ્વારા ટુલકીટ/ઓજાર આપવામાં આવે છે.

- **પ્રક્રિયા :**જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી/આદિજાતિ વિકાસની કચેરીમાં નિયત નમૂનામાં દસ્તાવેજી પુરાવાના સહિતની અરજી રજુ કરવાની હોય છે અને આ દસ્તાવેજના આધારે નિયમ અનુસાર મળવાપાત્ર લાભાર્થીઓને ટુલકીટસ આપવામાં આવે છે.

## ૩૩ અનુ.જનજાતિની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરુ યોજના

### ❒ યોજનાનો ઉદ્દેશ

- અનુસુચિત જનજાતિના કુંટુંબની કન્યાના લગ્ન પ્રસંગે નાણાંકિય સહાય.

### ❒ પાત્રતાના ધોરણો

- લાભાર્થી કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને કુમાર ૨૧ વર્ષ થી ઓછી ન હોવી જોઇએ.
- લગ્ન કર્યાના પુરાવા
- લગ્ન થયેના ૧ વર્ષમાં અરજી કરવાની રહેશે.
- કુટુંબની વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૪૭,૦૦૦/–અને શહેરી વિસ્તારમાં રૂ. ૬૮,૦૦૦/–

### ❒ યોજનાના ફાયદા/સહાય

- લાભાર્થીને રૂ. ૧૦,૦૦૦/– ની સહાય ચેક થી ચુકવવામાં આવે છે.

### ❒ પ્રક્રિયા

- જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી/આદિજાતિ વિકાસની કચેરીમાં નિયત નમૂનામાં દસ્તાવેજી પુરાવાના સહિતની અરજી રજુ કરવાની હોય છે અને આ દસ્તાવેજના આધારે નિયમ અનુસાર મળવાપાત્ર લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવે છે.

# ૩૪ પુરક પોષણ યોજના (દૂધ સંજીવની)

❒ **યોજનાનો ઉદ્દેશ**

- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં વિટામીન, પ્રોટિન, કેલ્શીયમ અને ક્ષાર તત્વની ઉણપ દૂર કરી તેના આરોગ્યમાં સુધારો થાય અને તેનો શારીરિક અને માનસીક વિકાસ થાય તે હેતુથી આ યોજના અમલમાં મુકેલ છે.

❒ **પાત્રતાના ધોરણો**

- પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
- આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિદ્યાર્થીઓને દૂધ પૂરુ પાડવામાં આવે છે.

❒ **યોજનાના ફાયદા/સહાય**

- ૨૦૦ml ફ્લેવર્ડ દૂધના પાઉચ પૂરા પાડવામાં આવે છે.

❒ **પ્રક્રિયા**

- ડેરી મારફતે જિલ્લાની પે સેંટર શાળાઓ પર દૂધનો જથ્થો ઉતારવામાં આવે છે અને પે સેંટરો પરથી તાબાની શાળાઓમાં પહોંચાડવામાં આવે છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- આ યોજના જે તે જિલ્લાઓનાં પ્રાયોજના વહીવટદારશ્રીઓ મારફતે અમલવારી કરવામાં આવે છે.

# ૩૫ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળા યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

- આદિજાતિના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તેમજ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સમકક્ષ થાય તેમજ દરેક ક્ષેત્રે હરીફાઇ કરી શકે તે માટે ધોરણ ૬ થી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ વિના મૂલ્યે આપવાની યોજના.

❒ **પાત્રતાના ધોરણો**

- જી.એસ.ટી.ઇ.એસ દ્વારા પ્રવેશ પરીક્ષામાં મેરીટમાં આવેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીની અનુસૂચિત જનજાતિના હોવા જોઇએ. તેની ઉંમર પ્રવેશ સમયે વધુમાં વધુ ૧૩ વર્ષની હોવી જોઇએ. વિદ્યાર્થી/વિદ્યાર્થીની ફક્ત સરકારી શાળા/આશ્રમશાળા અથવા માન્ય ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં (શિક્ષણ વિભાગની યાદી મુજબ) ધોરણ–૫ માં અભ્યાસ કરતા હોવા જોઇએ અને પ્રવેશ મેળવતી વખતે ધોરણ–૫ પાસ કરેલ હોવું જોઇએ.

❒ **આવકનું ધોરણ:** કોઇ આવક મર્યાદા નક્કી કરવમાં આવેલ નથી.

❒ **યોજનાના ફાયદા/સહાય**

- ધોરણ ૬ થી ૧૨ સુધી વિના મૂલ્યે શિક્ષણ, ગણવેશ, પુસ્તકો, રહેઠાણ અને ભોજનની સુવિધા સાથે વોકેશનલ તાલીમ, રમત ગમત, કલબ પ્રવૃત્તિઓ, કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.

❒ **પ્રક્રિયા**

- જી.એસ. સોસાયટી દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરિક્ષામાં ઇ.ટી.એસ. મેરીટમાં આવ્યા બાદ શાળામાં પ્રવેશ મેળવી શકાય છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા**

- ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી.

# ૩૬ અલ્પ સાક્ષરતા કન્યા નિવાસી શાળા યોજના

❒ **યોજનાનો ઉદ્દેશ**

❒ આદિજાતિની બાળાઓમાંગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે હેતુથી આદિજાતિ વિસ્તારમાં ઓછી સાક્ષરતા ધરાવતા તાલુકાઓમાં આદિજાતિની કન્યાઓનું શિક્ષણનું સ્તર ઉંચુ આવે તે હેતુસર "કન્યા નિવાસી શાળા'' યોજના જાહેર કરેલ છે.

❒ **પાત્રતાના ધોરણો**

- આ યોજના દ્વારા નકકી કરેલ જિલ્લાઓમાં ઓછી સાક્ષરતા ધરાવતા તાલુકાઓમાં વસવાટ કરતી આદિજાતિ કન્યાઓનું શાળામાં ૧૦૦% પ્રવેશ આપી તેમનો સાક્ષરતા દર ઉંચો લાવવાનો તથા ડ્રોપ આઉટ અટકાવી કન્યાઓનો અભ્યાસ પૂર્ણ કરાવવાનો પ્રયાસ છે. અલ્પ સાક્ષર કન્યા નિવાસી શાળા યોજનાનો અમલ ૨૫% થી વધુ આદિજાતિ વસતી ધરાવતા જીલ્લાઓ જેમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૩૫% કે તેથી ઓછું હોય તેવા જીલ્લામાં કરવામાં આવે છે.
- આવકનું ધોરણ: કોઈ આવક મર્યાદા નક્કી કરવમાં આવેલ નથી.

❒ **યોજનાના ફાયદા/સહાય**

- ૬ થી ધોરણ ૧૦ સુધીનું વિના મૂલ્યે શિક્ષણ, રહેઠાણ, પુસ્તકો, ગણવેશ તેમજ ભોજન વગેરેની વિના મૂલ્યે સગવડો પૂરી પાડી અલ્પ સાક્ષરતા કન્યા નિવાસી શાળા ચલાવવામાં આવે છે. સાથે વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની વોકેશનલ તાલીમ, કલબ, એક્સપોઝર મુલાકાત, કોમ્પ્યુટર શિક્ષણ, વિવિધ રમત–ગમત જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીનીઓને માસિક રૂ. ૧૦૦/– સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

❒ **પ્રક્રિયા**:ધો.૫ પાસ કરેલ વિદ્યાર્થીનીઓને શાળાની બેઠક પ્રમાણે વહેલા તે પહેલાંના ધોરણે પ્રવેશ મેળવી શકે છે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થાઃ**

- ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી.

## ૩૭ મોડેલ શાળા યોજના

### ❒ યોજનાનો ઉદ્દેશ

- માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે તેમજ આદિજાતિના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે હેતુથી રાજ્યના આદિજાતિ વિસ્તારમાં ૧૨ મોડેલ સ્કૂલો સ્થાપવામાં આવેલ છે. મોડેલ સ્કુલ ડે સ્કુલ પ્રકારની શાળા છે.

### ❒ પાત્રતાના ધોરણો

- તમામ જાતિના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. બાળક જે શાળામાં પ્રવેશ મેળવવાનો છે તે તાલુકાનો નિવાસી હોવો જોઈએ, ધો.૫ પાસ કરેલ હોવું જોઈએ, આરક્ષણ સંબધિત રાજ્યના પ્રવર્તમાન નિયમો લાગુ પડશે.
- આવકનું ધોરણ: કોઇ આવક મર્યાદા નક્કી કરવમાં આવેલ નથી.

### ❒ યોજનાના ફાયદા/સહાય

- ૬ થી ધોરણ ૧૨ સુધીનું વિના મૂલ્યે શિક્ષણ, પુસ્તકો, ગણવેશ તેમજ ભોજન વગેરેની વિના મૂલ્યે સગવડો પૂરી પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની વોકેશનલ તાલીમ, કલબ, એક્સપોઝર મુલાકાત, કોમ્પયુટર શિક્ષણ, વિવિધ રમત–ગમત જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. તેમજ વિદ્યાર્થીઓને અપ–ડાઉન માટે બસની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

### ❒ પ્રક્રિયા

- ધો.૫ પાસ કરેલ વિદ્યાર્થીઓને શાળાની બેઠક પ્રમાણે વહેલા તે પહેલાંના ધોરણે પ્રવેશ મેળવી શકે છે.

### ❒ અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા

- ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી

## ૩૮ વ્યકિતગત ધોરણે આવાસ માટે નાણાંકિય સહાય

### ❒ યોજનાનો ઉદ્દેશ

- અનુસુચિત જનજાતિના વ્યકિતિઓ અને આદિમજુથ/પ્રીમીટીવ ગૃપ–હળપતિ જાતિના લોકોને વસવાટની મુશ્કેલીઓ દુર કરવા માટે.

### ❒ પાત્રતાના ધોરણો

- અનુ.જનજાતિ/હળપતિ/આદિમજૂથ જાતિના હોવા જોઇએ.
- ૦ થી ૨૦ ગુણાંક ઘરાવતા બી.પી.એલ યાદીમાં સમાવિષ્ટ લાભર્થીઓને કેન્દ્ર પુરસ્કૃત ઈન્દીરા આવાસ યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
- ઉપરોક્ત શરત મુજબ લાભ આપી શકાય તેમ ન હોય અને આ યોજનાઓની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.
- ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦ થી ઉપરનો બી.પી.એલ સ્કોર ઘરાવતા અને નગરપાલિકા વિસ્તારમાં ૮૦ થી ૧૦૦ ભારાંક ઘરાવતા લાભાર્થીઓને નાણાંકિય સહાય આપવામાં આવે છે.
- ગ્રામ પંચાયતના ચોપડે તદ્દન કાચું ગાર માટીનું કામ ચલાઉ ઝૂંપડું નોંધાયેલુ હોય તેવા લાભાર્થીઓને.
- મકાન વિહોણા પરંતુ પોતાની માલિકીની જમીન/પ્લોટ ઘરાવતા અને જેમણે સરકારશ્રીની અન્ય ગૃહ નિર્માણ યોજનાનો લાભ મેળવેલ ન હોય તેવા લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.

### ❒ યોજનાના ફાયદા/સહાય: રૂ. ૭૦,૦૦૦/–

### ❒ પ્રક્રિયા

### ❒ અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા

- જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી/આદિજાતિ વિકાસની કચેરીમાં નિયત નમૂનામાં દસ્તાવેજી પુરાવાના સહિતની અરજી રજુ કરવાની હોય છે અને આ દસ્તાવેજના આધારે નિયમ અનુસાર મળવાપાત્ર લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.

- હળપતિ લાભાર્થીઓએ અરજી ફોર્મ ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ બોર્ડની કચેરીમાંથી વિના મુલ્યે પુરા પાડવામાં આવે છે, જેની ચકાસણી બોર્ડની પેટા કચેરી દ્વારા ચકાસણી કરી પાત્રતા ઘરાવતા લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.

## ૩૯ અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન

### ❒ યોજનાનો ઉદ્દેશ

અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો/તાલીમ માટે હળવા વ્યાજની લોન આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે.

### ❒ પાત્રતાના ધોરણો

(૧) અરજદાર અનુસૂચિત જનજાતિનો હોવો જોઇએ.

(૨) અરજદારે મેટ્રીક્યુલેશન અથવા હાયર સેકન્ડરો અથવા ઈન્ડિયન સ્કુલ સર્ટીફીકેટ કે તેની સમકક્ષ પરીક્ષામાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને/અરજદારોને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા, પી.એચ.ડી. તેમજ ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.

(૩) અરજદાર જે વિદેશની યુનિ.માં અભ્યાસક્રમ કરવા માંગતો હોય તે યુનિ.માં મળેલ પ્રવેશ અંગેની વિગત આપવાની રહેશે તેમજ જે શરતો/નિયમો નક્કી કર્યા હશે તે રજુ કરવાનો રહેશે.

(૪) વિદેશમાં અભ્યાસ કરવા માટેના સમયગાળા દરમ્યાન વીઝા તથા પાસપોર્ટ મેળવી રજુ કરવાનો રહેશે.

(૫) આવી યોજનાનો લાભ કુટુંબમાંથી એક જ વ્યકતિને આપવામાં આવશે. આવક મર્યાદા ધ્યાને લેવામાં આવશે નહિ.

(૬) આ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં કે ભારતના જે અભ્યાસક્રમો કે પદવીઓ માટેની સવલત ઉપલબ્ધ ન હોય તેવા અભ્યાસક્રમો કે પદવીઓ માટે જ લોન આપવામાં આવશે.

**યોજનાના ફાયદા/સહાય:** લોન મહતમ રૂા.૧૫.૦૦ લાખ (પંદર લાખ)

**પ્રક્રિયા**

(૧) અરજદાર અનુસૂચિત જનજાતિનો ઉમેદવાર હોવા અંગેનો સક્ષમ અધિકારીશ્રીએ આપેલા જાતિના પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત/ખરી નકલ.

(૨) અરજદારે પસાર કરેલી મેટ્રીક્યુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા તો ઈન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ પરીક્ષાની માર્કશીટ તેમજ પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત/ખરી નકલ

(૩) સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ

(૪) લાભાર્થીએ બે સધ્ધર જામીનો રજુ કરવાના રહેશે અને તેઓના રૂા.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર મામલતદારશ્રી/નોટરી રૂબરૂ સોગંદનામુ કરાવી મિલ્કતના પુરાવા સહિત રજુ કરવા

(૫) લાભાર્થીનું પોતાનુ રૂા.૨૦/-ના સ્ટેમ્પ પેપર સોગંદનામુ કરાવી રજુ કરવું.

(૬) વિદેશ જતાં પહેલાં અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વિઝા, વિદેશમાં માન્ય યુનિ.માં પ્રવેશ મળ્યા અંગેનો પત્ર વગેરે આધાર રજુ કરવાના રહેશે.

(૭) આ યોજના હેઠળ અભ્યાસક્રમ માટે થનાર ખર્ચના અંદાજો સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવના રહેશે.

(૮) આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ અભ્યાસક્રમ પૂર્ણ કર્યાબાદ ભારતમાં તેમની સેવાઓ ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે આપવાની બાંહેધરી રૂા.૨૦/- ના નોન જ્યુડશીયલ સ્ટેમ્પ ઉપર આપવાની રહેશે.

(૯) આવા અભ્યાસક્રમોમાં દાખલ થવા ઈચ્છતા ઉમેદવારના કોઈ સગા સંબંધી વિદેશમાં રહેતા હોય તો તાલીમાર્થીને તેઓ દ્બારા નાણાકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઈએ.

(૧૦) લાભાર્થીએ આ યોજના હેઠળ લોનની રકમ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્બારા નિયત થયેલ વિનિયમના દરે ચુકવવામાં આવશે અને રીઝર્વ બેન્કની નિયમ અનુસારની મંજુરી લેવાની રહેશે.

❒ **અમલીકરણ કરતી કચેરી/એજન્સી/સંસ્થા:**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર

----------------













પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના સહયોગથી

પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. ● પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.